અર્થશાસ્ત્રની પરિભાષા.

સંયોજક

વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી



નવજીવન કાર્યાલય

અમદાવાદ




CHECKED 1973
Initial

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલી પુ. ૩૮

અર્થશાસ્ત્રની પરિભાષા

સંયોજક
વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી



નવજીવન કાર્યાલય
અમદાવાદ

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન કાર્યાલય, કાળુપુર, અમદાવાદ

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૧૦૦

ચૌદ આના

એપ્રિલ, ૧૯૪૮

સંયોજકનું નિવેદન

માતૃભાષા દ્વારા જુદાં જુદાં શાસ્ત્રોનું શિક્ષણ આપવું હોય અગર તો સામાન્ય લોકોમાં શિક્ષણનો પ્રચાર કરવો હોય તો જુદા જુદા વિષયો પર માતૃભાષામાં પુસ્તકો લખાવાં જોઈએ અને પુસ્તકો લખવા માટે પરિભાષા રચાવી જોઈએ. ખરી રીતે શિક્ષણનું કામ કરતાં કરતાં અને તે તે વિષય પર લખવાનો પ્રયત્ન કરતાં કરતાં પરિભાષા રચાય છે. એ રીતે થોડાઘણા શિક્ષણના અનુભવ ઉપરથી અર્થશાસ્ત્રની આ પરિભાષા રચવાનો પ્રયત્ન થયો છે.

ગૂજરાત વિદ્યાપીઠનો આદર્શ હમેશાં બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવાનો રહ્યો છે. તે અનુસાર ગૂ૦ મહાવિદ્યાલયમાં શીખવાના બધા વિષયો સ્વભાષા દ્વારા શીખવવાનો પ્રયત્ન થતો હતો. તે પ્રયત્ન-માંથી આ પરિભાષા તૈયાર કરવાનો પ્રયત્ન કેટલાક મિત્રો અને મુરબ્બીઓના સહકારથી થયો હતો. તેનો વિદ્યાપીઠના અર્થશાસ્ત્રના વર્ગોમાં વરસોથી ઉપયોગ થતો આવ્યો છે. પણ અત્યાર સુધી તેને પ્રસિદ્ધિ આપી નહોતી. હવે તે ઉપર બીજા અભ્યાસીઓનાં સૂચનો મેળવીને તેને પુસ્તિકારૂપે પ્રસિદ્ધ કરી છે.

આમાં અર્થશાસ્ત્રનો આખો શબ્દકોશ આપ્યો નથી, પણ આ વિષયનાં સામાન્ય પુસ્તકોમાં આવતા શબ્દોનો સંગ્રહ કર્યો છે. સામાન્ય વાચક પણ દરેક શબ્દ સહેજે સમજી શકે, તે માટે દરેક શબ્દની સાથે થોડી સમજૂતી આપી છે, જે દરેક શબ્દના અર્થનો સામાન્ય ખ્યાલ આપવા પૂરતી છે. એટલે તે વાંચીનેય કેટલુંક અર્થશાસ્ત્ર તો વાચક સમજી શકશે, ને પરિભાષા બરોબર ફાવે છે કે કેમ તે જોઈ શકશે. સમજૂતી આપવાની ખાતર શબ્દોની ગોઠવણી એવી રાખી છે કે, મુખ્ય શબ્દો એ-બી-સીના ક્રમમાં આપ્યા છે અને તેમના આનુષંગિક શબ્દો પેટામાં સમજાવ્યા છે. આથી બધા શબ્દો સમજૂતીની સાથોસાથ કક્કાવારી ક્રમમાં નહીં મળે, પણ આખી સમજૂતી પૂરી થયા પછી

તે ફરી એ-બી-સીના ક્રમમાં અંતે સૂચીમાં આપેલા છે. આ રીતે લગભગ પાંચસો શબ્દોની સમજૂતી આપેલી છે. ખ્યાલ એવો છે કે, આટલી પ્રાથમિક પરિભાષા ગોઠવાઈ જશે તો તે ઉપરથી વધારે વિસ્તૃત પરિભાષા સહેજે ખીલી શકશે. અંગ્રેજીમાં પાલગ્રેવના આર્થિક કોશના તો લગભગ પચીસ સો પાનાંના ત્રણ મોટા ગ્રંથો થયેલા છે. અહીંયાં કેટલાક સામાન્ય ઉપયોગના શબ્દો જ આપ્યા છે. સ્વભાષામાં અર્થશાસ્ત્રનું સાહિત્ય તૈયાર કરવાના કામમાં તે મદદરૂપ થશે એવી આશા છે.

આ પરિભાષા 'ઊર્મિ અને નવરચના' માસિકમાં સને ૧૯૪૪ના ઑક્ટોબરથી છ હપતામાં પ્રગટ કરવામાં આવી હતી. તેમાં પ્રગટ કરતી વખતે તે ઉપર અનુભવીઓનાં સૂચનો માગ્યાં હતાં. તે મુજબ જે સૂચનાઓ મળી તે ધ્યાનમાં લઈને આમાં યોગ્ય સુધારાવધારા કરી લીધા છે. આ છપાયા પછી પણ જેઓ આનો અભ્યાસ કે ઉપયોગ કરે તેમને કંઈ સૂચવવા જેવું લાગે તો લખી જણાવે એવી વિનંતી છે.

ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ
તા. ૧૪-૪-૧૯૪૮

અર્થશાસ્ત્રની પરિભાષા

A

Absenteeism અનિવાસિત્વ; ગેરહાજરદારી

જમીનના માલિક પોતાની જમીન હોય તે પ્રદેશમાં ન રહેતાં બીજા પ્રદેશમાં રહે અને જમીનની સાંથ લીધા કરે અને ત્યાં પોતાની આમદાની ખર્ચે, તે પદ્ધતિને, તેઓ જમીનવાળા પ્રદેશમાં અનિવાસી હોવાથી, 'અનિવાસી જમીનદારી' અથવા ટૂંકામાં 'अनिवासित्व' કહેવાય. (Absentee Land-lordism)

બહારના મૂડીવાળાઓ અમુક પ્રદેશમાં મૂડી રોકે અને તેના પરિણામે પોતાની મૂડીનું વ્યાજ લે એટલું જ નહિ, પરંતુ તે પ્રદેશના ઉદ્યોગ ઉપર કાબૂ રાખે ને તેનો નફો લે તેને પણ 'અનિવાસિત્વ' કહેવાય. (Absentee Capitalism)

એટલે આવી કોઈ પણ પરિસ્થતિ, જેમાં બહારના માણસો અમુક પ્રદેશમાંથી સાંથ કે વ્યાજ યા નફો લીધા કરે અને તે બહાર ખર્ચે તેને 'અનિવાસિત્વ' કહેવાય. તેને 'गेरहाजरदारी' પણ કહી શકાય. અને તે ઉપરથી તેવા જમીનદાર અગર મૂડીદારને, गेरहाजर (અનિવાસી) जमीनदार કહેવાય. (Absentee Land-lord or Capitalist)

Arbitration પંચ; લવાદ

બે પક્ષની (મૂડીદારો અને કામદારોની) સંમતિથી અગર સરકાર તરફથી એકબીજાની તકરારોનો નિકાલ કરવા માટે જે માણસોને નીમવામાં આવે છે તેમને 'पंच અગર लवाद.' કહે છે.

Assets પૂંજી; મતા

કોઈ માણસની અગર સંસ્થાની સ્થાવર, જંગમ મિલકતની એકંદર જે કિંમત થાય તે તેની 'पूंजी અગર मालमता' કહેવાય. તેને

અસકયામત કે ઇસ્કામત પણ કહે છે. આમાંથી જે તરત વટાવી શકાય તેવું ધન હોય અને હાથ ઉપર જે સિલક હોય તેને 'हाजर धन' કે रोकड (Liquid Assets) કહેવાય.

Bank બૅન્ક

લાંબા કાળથી વ્યાજથી નાણાંની ધીરધાર કરનારને આપણી ભાષામાં 'શરાફ' કહે છે અને નાણાંની આપ-લે વગેરે કામ કરનારી, सहियारी मूडीवाळी (joint stock) બૅન્કો એ તેનું અર્વાચીન સ્વરૂપ છે; એટલે તેને 'શરાફી પેઢી' કહી શકાય. પરંતુ 'બૅન્ક' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તેને ગુજરાતી કોશમાં સ્થાન મળી ચૂક્યું છે; એટલે તેને ચાલુ શબ્દ સમજવો જોઈએ. આવી બૅન્ક પોતાના ઘરાકો મારફતે બીજી બૅન્કો અને આસામીઓ ઉપરનાં ચેક, હૂંડી વગેરે સ્વીકારે છે. એ રીતે બીજી બૅન્કોના નામે થયેલા વ્યવહારનો જમા ઉધારનો હિસાબ ચોખ્ખો કરવા માટે જુદી જુદી બૅન્કો ભેગી મળીને જે ખાતું ઊભું કરે છે તેને 'હવાલા બૅન્ક' કે 'हवाला दफतर' (clearing house) કહી શકાય.

બૅન્કોમાં મુખ્યત્વે ત્રણ જાતનાં ખાતાંમાં નાણાં જમા લેવામાં આવે છે: (૧) નક્કી કરેલી મુદતની મુદતી અગર 'बांधी थापण' (fixed deposits) (૨) જેમાં ગમે ત્યારે લેવડદેવડ થઈ શકે તેવી 'चालु थापण' (current deposits) (૩) જેમાં છૂટક છૂટક બચતને ઉત્તેજન આપવા ખાસ સગવડ આપવામાં આવે છે તેવી 'बचत थापण' (Saving deposits). તેવાં ખાતાંને અનુક્રમે 'મુદ્દતી' 'ચાલુ' અને 'બચત' ખાતાં (Accounts) કહેવાય.

બૅન્કો અગર ટપાલ-ઑફિસમાં પૈસા જમા લેવાની એક પદ્ધતિ એવી છે કે, પૈસા બાંધી (fixed) મુદત માટે જમા લેવામાં આવે છે; પરંતુ તે મુદતની અંદર ગમે ત્યારે પૈસા, ઓછાવત્તા વ્યાજના દરે પાછા મળી શકે છે. તેવાં કાગળિયાંને 'रोकडियां' (Cash certificates) કહી શકાય. જે કાગળિયાંને બદલે, જોઈએ ત્યારે સોનું કે

રૂપું પણ મળી શકે તેમ હોય, તેમને 'सोनैयां' (Gold certificates) અને 'रुपैयां' (Silver certificates) કહી શકાય.

બૅન્કો ઘણુંખરું બધી સહિયારી મૂડી (joint stock)થી નિયત કે લિમિટેડ જવાબદારી (limited liability)ને ધોરણે ઊભી કરવામાં આવે છે. બધી બૅન્કો ઉપર દેખરેખ રાખવા માટે સમસ્ત દેશની એક 'मध्यवर्ती' (central) 'बॅन्क' હોય છે. તે કાં તો સહિયારી મૂડીવાળી હોય છે, કાં તો સરકારની પોતાની હોય છે અથવા તો તે સરકાર અને પ્રજાની સહિયારી મૂડીવાળી હોય છે.

બૅન્કોના કામ પરત્વે બૅન્કો જુદા જુદા નામથી ઓળખાય છે. ટૂંકી મુદત માટે વેપારીઓ અને ધંધાદારીઓને ધીરધાર કરનાર બૅન્કો 'वेपारी अथवा शराफी' (Commercial) બૅન્કો કહેવાય છે; પરદેશની હૂંડીઓની (Exchange Bill)ની લેવડદેવડ કરનારી બૅન્કો, એક દેશના નાણા બદલ બીજા દેશમાં નાણું આપવા લેવાની સગવડ કરી આપે છે એટલે તે બૅન્કોને 'नांणावटी' (Exchange) બૅન્કો કહેવાય; ટપાલ ઑફિસની માફક ફક્ત લોકોનાં બચત નાણાં જમા લેવાનું કામ કરનારી બૅન્કોને 'बचत' (Saving) બૅન્કો કહેવાય; ખેતીકામ માટે ધીરધાર કરનારી બૅન્કોને 'खेती- (Agricultural) बॅन्को' કહેવાય; જમીન ઉપર ધીરધાર કરનારી બૅન્કોને 'जमीन- (Land) बॅन्को' કહેવાય; અને ઉદ્યોગો માટે લાંબી મુદતની ધીરધાર કરનારી બૅન્કોને 'औद्योगिक' (Industrial) બૅન્કો કહેવાય. ભાગીદારીથી કે અંગત જવાબદારી ઉપર શરાફીનું કામ કરનારને 'शराफ' (Indigenous Banker) કહેવાય.

Barter સાટું; વસ્તુ-વિનિમય

માલના વિનિમયમાં નાણાંની મદદ સિવાય વસ્તુના બદલામાં વસ્તુ અદલબદલ કરવામાં આવે તેને 'साटुं' કહે છે. તેને 'वस्तु-विनिमय' પણ કહેવાય.

Bonus બોનસ

સામાન્ય રીતે જે વ્યાજ કે મહેનતાણું અપાતું હોય તે ઉપરાંત જે રકમ આપવામાં આવે તેને 'बक्षिस' કે 'सुखडी' કહી શકાય. 'બોનસ' શબ્દ પણ ઘણાને હોઠે ચડી ગયો છે. વેપારીઓ, કંપનીઓ કે કારખાનાંવાળાઓ, ચાલુ પ્રણાલિકા લક્ષમાં લઈને, વરસની આખરે, પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે તે વહેંચે છે.

Bounty (Subsidy) **મદદ**

દેશના ઉદ્યોગોને ઉત્તેજન આપવા માટે, અમુક પસંદ કરેલા ઉદ્યોગવાળાને જે રકમ બક્ષિસના રૂપમાં કોઈ સંસ્થા, સમાજ કે સરકાર આપે તેને 'मदद' કહેવાય. તે મદદ એકસામટી આપે, વાર્ષિક આપે કે હપતાથી આપે.

Brassage (Coinage) **ટંકશાળી; પડામણી**

દેશમાં જે નાણું ચાલતું હોય તેના સિક્કા, સરકારી ટંકશાળમાંથી સિક્કાની ધાતુને બદલે લોકોને કે વેપારીઓને આપવામાં આવે છે. એમ સિક્કા આપવાનું ધોરણ બધે એકસરખું હોતું નથી. કોઈ દેશમાં સરકાર સિક્કા પાડવાનું ખર્ચ લે છે, તો કોઈ દેશમાં નથી લેતી, તો કોઈ દેશમાં રાજ્ય સિક્કાની પડામણી ઉપર પોતાની હકસાઈ કે લાગો ચડાવે છે. સિક્કા પાડવાનું ખર્ચ લે તેને 'टंकशाली के पडामणी' (Brassage, Coinage) કહેવાય; ધાતુને બદલે પૂરેપૂરા સિક્કા આપે તેને 'मफत टंकशाली' (Free or Gratuitous Coinage) કહેવાય. અને ટંકશાળી કે પડામણી ઉપર રાજ્ય પોતાની હકસાઈ કે લાગો ચડાવે તેને 'टंकशाळनो लागो' (seneiorage) કહેવાય.

Budget અંદાજપત્ર

અમુક મુદ્દત દરમિયાન થનાર આવક (Income) અને ખર્ચ (Expenditure) ના અડસટ્ટાને 'अंदाजपत्र' (Budget) કહે છે. બંધારણીય સંસ્થાઓ અને સરકાર આવાં અંદાજપત્રો નવા વરસની શરૂઆત પહેલાં કરે છે.

બધાનું નવું વરસ એકીસાથે શરૂ થતું નથી. હિંદી સરકારનું નાણાકીય વર્ષ (Financial year) એપ્રિલથી શરૂ થાય છે ત્યારે કોઈક સંસ્થાનું જૂનથી તો કોઈક સંસ્થાનું ઑગસ્ટથી શરૂ થાય છે. સરકારના અંદાજપત્રમાં ત્રણ જાતના આવક-ખર્ચના આંકડા આપવામાં આવે છે. (૧) નવા વરસના અંદાજી (Budget Estimates) (૨) ચાલુ વરસ (જેને અંતે નવા વરસનું અંદાજપત્ર રજૂ થાય તે) ના સુધારેલા આંકડા (Revised Budget Estimates) (૩) આગલા વરસના છેવટના (Actual). એટલે ૧૯૪૬ના ફેબ્રુઆરી કે માર્ચમાં અંદાજપત્ર રજૂ કરવામાં આવે તેમાં ૧૯૪૬–૪૭ના અંદાજી આંકડા હોય, ૧૯૪૫–૪૬ના ૯–૧૦ માસના અનુભવથી સુધારેલા આંકડા હોય અને ૧૯૪૪–૪૫ના આવક-ખર્ચના છેવટના આંકડા હોય.

Buyer લેવાલ; ખરીદનાર

માલની ખરીદ કરનાર તે 'खरीदनार' કહેવાય, અને માલનું વેચાણ કરનાર તે 'वेचनार' (Seller) કહેવાય. શેર બજારમાં તેને 'લેવાલ' અને 'વેચવાલ' પણ કહે છે. અને ખરીદવાની અને વેચવાની માગણીને 'लेवाली' અને 'वेचवाली' કહે છે.

By-Product આડ–પેદાશ; પેટા–પેદાશ

અમુક માલની ઉત્પત્તિ કરતી વખતે જે વસ્તુઓ (તેનો કંઈ ઉપયોગ હોય કે ન પણ હોય) તેની સાથોસાથ ઉત્પન્ન થઈ જાય છે તેને 'आड–पेदाश' કે 'पेटा–पेदाश' કહે છે. દા. ત. તેલની ઉત્પત્તિમાં પેદા થતો ખોળ.

Canals નહેરો

કેટલીક જમીનને તળાવ, સરોવર કે નદીમાંથી નહેરો કાઢીને પાણી પૂરું પાડવામાં આવે છે. તેમાંથી કેટલીક નહેરો સતત ચાલુ હોય છે તેને 'कायमी' (perrenial) કહે છે, અને જે નહેરોમાં તેમની નદીમાં પૂર આવે ત્યારે જ પાણી આવતું હોય તેને 'मोसमी'

(innundation) નહેરો કહે છે. જે નહેરોની આવકમાંથી તેનું ચાલુ ખર્ચ મળી રહે તેને 'उत्पादक' (productive) અને જેમાંથી ખર્ચ ન મળી રહે તેને 'अनुत्पादक' (unproductive) નહેરો કહે છે. નહેરો ઉપરાંત કૂવા વગેરેમાંથી કોઈ પણ રીતે પાણી પાઈને જે જમીનમાં ખેતી થતી હોય તેને 'पीतनी जमीन' (Irrigated Land) કહે છે. આમ કોઈ પણ રીતે ખેતી માટે જમીનને પાણી પાવું તેને 'पीत' કે 'सिंचाई' (Irrigation) કહે છે.

Capital મૂડી

સામાન્ય રીતે લોકો ઘરમાં પડેલી રોકડ રકમ અગર વસ્તુઓને મૂડીમાં ગણે છે. પણ અર્થશાસ્ત્રમાં જે સંકુચિત અર્થમાં આ શબ્દ વપરાય છે તે અર્થમાં, એટલે કે, જે ધન નવું ધન પેદા કરવાના કાર્યમાં વપરાતું હોય તેને 'मूडी' કહે છે. આવી મૂડીમાંથી જે મૂડી ઉત્પન્ન–કાર્યમાં સાધનરૂપ થઈ પડે એવી વસ્તુઓ (કારીગરોનાં ઓજારો)માં રોકવામાં આવી હોય તેને 'सहायक मूडी' (Auxiliary Capital), જે મકાન અને સાંચાઓ જેવી સ્થાવર મિલ્કતમાં રોકવામાં આવી હોય તેને 'स्थिर, बांधी के स्थावर मूडी' (Fixed Capital) અને જે મૂડી કાચો માલ ખરીદવા અને પગાર આપવા જેવાં કામો માટે રોકવામાં આવી હોય તેને 'फरती के चालु मूडी' (Circulating or Working Capital) કહે છે.

કોઈ ધંધામાં મૂડી નાખી હોય તે જરૂર પડ્યે બીજા ધંધામાં ફેરવી શકાતી નથી, ત્યારે કોઈમાં ફેરવી શકાય છે. ન ફેરવી શકાય તેને 'डूबी के स्थगित मूडी' (Sunk Capital) અને ફેરવી શકાય તેને 'तरती मूडी' (Floating Capital) કહેવાય. ગરનાળું કે ભઠ્ઠી બાંધવામાં નાખેલી મૂડી 'ડૂબી' કહેવાય ત્યારે કાચા માલમાં રોકેલી મૂડી 'તરતી' કહેવાય.

ઉદ્યોગો જે લોકોના હાથમાં હોય તે મૂડીવાળાઓને સામાન્ય રીતે 'मूडीदारो' કે 'मूडीवादीओ' (Capitalists) કહે છે અને

માલની ઉત્પત્તિમાં માનસિક કે શારીરિક મહેનત કરીને ફાળો આપનારાને 'कामदारो' के 'मजूरो' (Labourers) કહે છે.

આ રીતે ઉત્પત્તિનું કામ કરનારના બે વર્ગો પાડવાને બદલે કેટલાક જાતમહેનત કરનાર વર્ગ અને શારીરિક મહેનત કર્યા વિના પૈસા કમાનાર વર્ગ–એવા બે વર્ગો પાડે છે. તેઓ જાતમહેનતને વિશેષ મહત્ત્વ આપે છે અને જાતમહેનત કર્યા વગર કમાણી કરનાર વર્ગની ઘૃણા કરે છે. આ વર્ગોને આપણી ભાષામાં અનુક્રમે 'उजळियात वर्ग' (Bourgeoisis) અને 'मजूरवर्ग' (Proletariat) કહી શકાય. અથવા અનુક્રમે બુદ્ધિજીવી કે ભદ્રલોક અને શ્રમજીવી વર્ગ કહી શકાય. આ બે વર્ગો વચ્ચે અગર મૂડીદાર અને મજૂર વચ્ચે જે પરસ્પર–હિતવિરોધ માની લેવામાં આવ્યો છે તેને આપણે 'वर्गविग्रह' (Class Stuggle) કહી શકીએ.

જે સમાજમાં મૂડીદારોના હાથમાં ઉદ્યોગોની વ્યવસ્થા હોય તેને 'मूडीवादी समाज' (Capitalist Society), તે પ્રકારની વ્યવસ્થાને 'मूडीवादी तंत्र' (Capitalist Organization) અને તે વ્યવસ્થા યોગ્ય છે એવા મતને 'मूडीवाद' (Capitalism) કહેવાય.

Cheque ચેક

કોઈ શરાફ કે વેપારી બીજા શરાફ કે વેપારી ઉપર, નાણાં કોઈને અપાવવા માટે ચિઠ્ઠી લખે, તેને આપણે 'हूंडी' કહીએ છીએ. આવી જાતની હૂંડીનો ઉપયોગ આપણા દેશમાં લાંબા કાળથી થાય છે. અર્વાચીન બૅન્કો થયા પછી, હૂંડીના જેવા કેટલાક શબ્દો થોડા ફેરફાર સાથે બૅન્કના વ્યવહારમાં વપરાય છે. બૅન્કનો કોઈ ખાતેદાર કોઈને નાણાં અપાવવા માટે બૅન્ક પર હુકમ મોકલે તેને 'चेक' કહેવામાં આવે છે. બૅન્કની માફક ચેક શબ્દ પણ આપણી ભાષામાં રૂઢ થઈ ગયો છે.

બૅન્કમાં નાણાં ભરીને બીજે સ્થળેથી નાણાં મેળવવા માટે બૅન્કનો જે હુકમ લેવામાં આવે છે તેને અંગ્રેજીમાં Draft કહે છે. તે વ્યવહાર હૂંડી જેવો છે. એટલે તેને 'बॅंकनी हूंडी' કહી શકાય.

જે ચેક અગર હૂંડીનાં નાણાં તે ચિઠ્ઠી લઈ જનાર હરકોઈને મળી શકે છે તેને 'शाहजोग' (Bearer) ચેક કહે છે; જેનાં નાણાં જેના નામનો ચેક હોય તેને જ (બૅન્ક માગે તો ઓળખાણ આપવાથી) મળી શકે તેને 'नामजोग' (Order) ચેક, અને જેનાં નાણાં રોકડાં ન મળી શકે, પરંતુ કોઈના ખાતામાં જમા જ થઈ શકે તેને 'खाताजोग' (Cross) ચેક કહે છે.

દેશાન્તરના વેપારમાં માલનાં નાણાં વસૂલ કરવાને વપરાતી હૂંડીને 'परदेशजोगी हूंडी' કે 'विनिमय-पत्र' (Bill of Exchange) કહી શકાય. હિંદના પરદેશ સાથેના વેપારને અંગે, લંડનના વેપારીઓ કે બૅન્કોને હિંદી વજીર, હિંદી સરકાર ઉપર જે હૂંડીઓ આપે, તેને 'सरकारजोगी हूंडी' (Council Bill) કહી શકાય. અને તેથી ઊલટી રીતે હિંદની સરકાર, આ દેશના વેપારીઓ કે બૅન્કોને, લંડનમાં હિંદી વજીર પર સામી હૂંડીઓ આપે તેને 'हिंदी वज़ीरजोगी हूंडी' (Reverse Council Bill) કહી શકાય.

જુદા જુદા દેશોનાં નાણાં એકસરખાં હોતાં નથી. એટલે બજારની પરિસ્થિતિ ઉપરથી જુદા જુદા દેશનાં નાણાંના બદલાનો ભાવ નક્કી થાય છે. તે મુજબ પરદેશની હૂંડીઓની લેવડદેવડ થાય છે. એમ જે ભાવથી લેવડદેવડ થાય છે તેને 'हूंडियामणनो दर' (Exchange Rate) કહે છે. દા. ત. ૧૮ શિ. એ રૂપિયાનો પરદેશ સાથેની લેવડદેવડનો ભાવ છે. તે ભાવમાં ફેરફાર થયા કરે છે. તે ભાવની ઓછામાં ઓછી અને વધારેમાં વધારે સપાટીને 'हूंडियामणनी मर्यादा' (Specie points) કહે છે.

Coin સિક્કો

અમુક ચોક્કસ વજન, આકાર અને છાપવાળું ધાતુનું નાણું સરકાર તરફથી પાડવામાં આવે છે તેને 'सिक्को' કહે છે. જે સિક્કા કાયદાથી ઠરાવેલા ધોરણ મુજબ પૂરેપૂરા વજનના હોય તેને 'पूरुं नाणुं' (Good money) કહે છે; જે વધારે વજનના હોય અગર

જેની કિંમત કાયદાથી ઠરાવેલી કિંમત કરતાં બજારમાં વધારે ઊપજતી હોય તેને 'भारे नाणुं' (Heavy money) કહે છે; અને જે ઓછા વજનના હોય અગર જેની કિંમત બજારમાં ઓછી ઊપજતી હોય તેને 'हलकुं के हीणकस नाणुं' (Weak or bad or debased money) કહેવામાં આવે છે. જે સિક્કા ફક્ત ઘસારાને લીધે હલકા થયા હોય તેને 'घसायेलुं नाणुं' (Worn money) પણ કહે છે અને તે ઘસારાને 'सिक्कानो घसारो' (Abrasion) કહે છે.

સિક્કામાં વપરાયેલી ધાતુની કિંમત પ્રમાણે સિક્કાનું જે મૂલ્ય થાય તેને 'सिक्कानुं खरुं मूल्य अथवा घातुई मूल्य' (Intrinsic or Metallic value) કહે છે અને કાયદાથી નક્કી થયા મુજબ તેનું લેવડદેવડ માટે જે મૂલ્ય ગણાતું હોય તેને 'चलणी मूल्य' (Nominal or Face value) કહે છે. આ રીતે રૂપિયાનું ચલણી મૂલ્ય વધારે છે ત્યારે તેમાં એક રૂપિયાની કિંમતની ચાંદી ન હોવાથી તેનું ખરું મૂલ્ય કે ધાતુઈ મૂલ્ય ઓછું છે.

Commodity (goods) માલ; સંપત્તિ

જે વસ્તુ વિનિમયને માટે લાયક હોય તેને 'माल' के 'संपत्ति' કહે છે. સાંચાકામ કે ઓજારો જેવો જે માલ નવી સંપત્તિ પેદા કરવા અર્થે વપરાય તેને 'उत्पादक माल' (Producer's or Capital goods) કહે છે.

Competition હરીફાઈ

કૃત્રિમ બંધનો સિવાય, સ્વતંત્રતાના ધોરણે માલની ઉત્પત્તિ અને આપ-લે થાય તેવી સ્થિતિને 'हरीफाई' કે 'स्पर्घा' કહે છે. લેનાર, વેચનાર શેઠ કે વેપારી કોઈને ખાસ હક, સગવડ કે રૂઢિનો આધાર ન હોવાં જોઈએ. જેમાં એવો ખાસ હક કોઈને મળ્યો હોય કે કોઈએ પ્રાપ્ત કર્યો હોય તેવી સ્થિતિને 'इजारो' (Monopoly) કહેવાય.

Consumer વાપરનાર

માલ વાપરનારને માલનો 'उपभोग करनार के वापरनार' કહે છે. વાપરનાર જે માલ તાત્કાલિક ઉપભોગ માટે વાપરે તેને 'ઉપભોગનો કે વપરાશનો માલ' અથવા 'वापर-घन' (Consumer's goods) કહેવાય. જેમ કે પહેરવાનાં લૂગડાં. આ વસ્તુઓ ખરીદવા માટે ખરીદનાર જે કિંમત આપવા તૈયાર હોય તે કરતાં સામાજિક અનુકૂળતાને લીધે ઓછી કિંમતે તેને માલ મળે, તો તે કિંમતના તફાવતને 'वापरनारनो वधारो' (Consumer's surplus) કહી શકાય. દા. ત. કોઈ પેન્સિલના વધુમાં વધુ ચાર આના આપવા ખુશી હોય અને તેને પેન્સિલ એક આને મળે તો ત્રણ આના એ 'વાપરનારનો વધારો' કહેવાય.

Consumption વપરાશ; ઉપભોગ; વ્યય

જે માલ ઉત્પન્ન થાય તેને બનાવનાર પોતે વાપરે કે તે માલ વેચાયા પછી બીજા વાપરે તેને 'वपराश के उपभोग के व्यय' કહે છે.

Co-operation સહકાર

જે મંડળો તેના સભાસદોના હિતને માટે સહકારી ધોરણે વેચાણ, પેદાશ, નાણાંની ધીરધાર અથવા એવું સભાસદોના સામાન્ય હિતને લગતું કાર્ય કરે છે, તેમને 'सहकारी मंडळो' (Co-operation, Co-operetive Societies) કહે છે.

Cornering એકહથુ જમાવટ

વેપારીઓ કે નાણાંપતિઓ કેટલીક વખત બજારમાં અમુક માલની બનાવટી અછત ઊભી કરવા માટે, બજારમાં મળતો બધો માલ ખરીદી લે છે. તેને તે માલની 'एकहथु जमावट' કરી કહેવાય. શૅર બજારમાં એ રીતે કોઈ શૅરો એકહથુ કરી લે તો તેને શૅરનો 'खेलो' કર્યો કહે છે.

Credit શાખ; આટ

પરસ્પર વિશ્વાસ અને પોતાની પાસેની માલમતાને બળે, રોકડ નાણાની આપ-લે કર્યા સિવાય, કરજ કાઢવાની કે માલ ખરીદવાની શક્તિને 'शाख' કહે છે. અને તેવી શાખ ઉપર થતી જુદી જુદી જાતની લેવડદેવડને 'શાખનો વ્યવહાર' (Credit transaction) કહે છે. દેશજોગી હૂંડી, પરદેશજોગી હૂંડી, માલનું બિલ વગેરે 'शाखी साधनो' કે 'उधार व्यवहारनां साधनो' (Instruments of credit) ગણાય છે. આમાંથી જે સાધનોની એવી શાખ બંધાઈ હોય કે વ્યવહારમાં તેમને આધારે છૂટથી લેવડ-દેવડ થઈ શકતી હોય, તેવાં સાધનો, 'शाखी विनिमय-पत्रो' (Negotiable instruments of credit) કહેવાય.

Crops પાક

ખેતરમાં જે પાક પાકે તેમાંથી કેટલોક ઘઉં, બાજરી જેવી વસ્તુઓનો 'खोराकी पाक' (Food crop) હોય છે; કેટલોક કપાસ, તમાકુ જેવી વસ્તુઓનો 'बिन-खोराकी पाक' (Commercial crop) હોય છે; અને કેટલોક ઢોર માટે 'ઘાસચારો' (Fodder crop) હોય છે. 'બિન-ખોરાકી પાક' ઘણુંખરું બજારમાં વેચી દેવા માટે કરવામાં આવે છે એટલે તેને સામાન્ય રીતે 'बजारु पाक' કહે છે.

Currency ચલણ

જે એક વસ્તુ વડે માલની સર્વ સામાન્ય આપ-લે કે विनिमय (Exchange)નો વ્યવહાર ચાલે છે, તેને 'ચલણ' કહે છે. વધારે સ્પષ્ટ કહેવું હોય તો 'नाणा चलण' અને ટૂંકમાં 'ચલણ' કહી શકાય. આ રીતે સોનું રૂપું વગેરે ધાતુના જે સિક્કાથી વિનિમય મુખ્યત્વે ચાલતો હોય તે ધાતુનું 'चलण' છે એમ કહેવાય.

જે ધાતુને 'मुख्य चलण' (Standard currency) તરીકે સ્વીકારવામાં આવી હોય, તે ધાતુના સિક્કાને બદલે દેશની સરકાર કે મુખ્ય બેંક પોતાની શાખ ઉપર કે કાયદાને બળે જે કાગળની નોટો

કાઢે છે તેને 'नोटनुं चलण' (Paper currency) કહે છે. જો તેવી નોટને બદલે સરકાર કે બૅન્ક ધાતુનું રોકડ નાણું આપવા માટે વચન આપતી હોય તો તેને 'रोकडगारी नोटो' (Convertible, or Promissory Notes*), અને જો તેમ કરવા વચન ન આપતી હોય, એટલે કે રોકડ આપવા કાયદાથી બંધાતી ન હોય તો, 'બિન 'रोकडगारी के विन-वटावी नोटो' (Incovertible Notes or Fiat Money) કહી શકાય. નોટોનો ધાતુના નાણાંમાં બદલો સૂચવવા માટે, રોકડગારી અને બિનરોકડગારી નોટોને અનુક્રમે 'परिवर्तनीय' અને 'अपरिवर्तनीय' નોટો પણ કહેવામાં આવે છે.

થોડી રકમ અનામત રાખીને અને થોડા વખત માટે જ કેટલીક વખત સરકાર તરફથી જે નોટો કાઢવામાં આવે છે તેને 'तिजोरीनी नोटो' (Treasury Notes) કહે છે. કેટલીક નોટો, તેના બદલામાં પૂરેપૂરી રકમનું સોનું, રૂપું કે તેના સિક્કા તિજોરીમાં અનામત રાખીને, કાઢવામાં આવે છે; અને કેટલીક નોટો, તેના બદલામાં કાયદાથી નક્કી કર્યા મુજબ અમુક ટકા રકમ તિજોરીમાં જમા રાખીને કાઢવામાં આવે છે. તેવી નોટો સરકારની શાખ અને પ્રજાના વિશ્વાસ ઉપર નભે છે.

પૂરેપૂરી અનામતવાળી નોટોને 'अनामतीं, अवेजी के प्रतिनिधिरूप नोटो' (Representative Paper Money) અને બીજા પ્રકારની નોટોને 'शाखी नोटो' (Fiduciary Paper Money) કહી શકાય. આ રીતે નોટોના બદલામાં જમા રાખવામાં આવતા સંપૂર્ણ કે નિયત અનામતને 'नोटोनुं अनामत भंडोळ' (Paper Currency Reserve) કહી શકાય.

---

* ધીરધારના વ્યવહારમાં પૈસા લેનાર પાસેથી અંગ ઉધાર ખાતું 'બાકી' પડાવી લેવામાં આવે છે તેને પણ 'પ્રોમીસરી નોટ' કે ટૂંકમાં Pro-Note કહે છે. સરકારી કે બૅન્કની નોટોમાં પણ, એ જ રીતે નોટો કાઢનાર અધિકારી નોટ ધરાવનાર માગે ત્યારે પૈસા પાછા આપવાનું વચન આપે છે.

ઉપર દર્શાવેલી જુદા જુદા પ્રકારની નોટોની સંખ્યા અને ધાતુના સિક્કાની એકંદર સંખ્યા બજારની માગણી કરતાં વધારી નાખવામાં આવે તેને 'चलणनो फुलावो के फुगावो' (Inflation of Currency) અને માગણી કરતાં ઘટાડી દેવામાં આવે તેને 'चलणनी तंगी के नाणां-भीड' (Deflation of Currency) કહે છે.

બજારની જરૂર જોઇને, ચલણમાં મોસમ તકે કામચલાઉ વધારો કરવામાં આવે તેને 'चलणनो विस्तार' (Expansion of Currency), અને મોસમ પૂરી થયા પછી કરેલો વધારો પાછો ખેંચી લેવામાં આવે તેને 'चलणनो संकोच' (Contraction of Currency) કર્યો કહેવાય.

આવા ચલણના ફેરફારને લીધે કે પરદેશ સાથેના વેપારની वेपार-तुला (Balance of trade) દેશની તરફેણમાં અગર વિરૂદ્ધમાં (for or against) જવાથી (અનુકૂળ કે પ્રતિકૂળ થવાથી), એટલે કે આયાત-નિકાસના વેપારના ફેરફારોને લીધે પણ નાણાના મૂલ્યમાં વધઘટ થાય છે. તેને નાણાના મૂલ્યમાં તેજી અને મંદી (Appreciation and Depreciation of Currency) થઈ કહે છે.

જે ધાતુનો સિક્કો બનેલો હોય તે ધાતુની કિંમત ઘટી જવાથી કે સિક્કામાં વપરાતી ધાતુનું પ્રમાણ ઘટાડી નાખવાથી પણ નાણાનું મૂલ્ય ઘટી જાય છે. તેને 'चलणनो अपकर्ष के अपभाव' (Debasement of Currency) થયો કહેવાય. સરકાર પોતાની મેળે તેમ કરે તો ચલણનો 'भाव-उतार' (Devaluation) કર્યો કહેવાય. તે જ પ્રમાણે ભાવ ચડાવી દે તો 'भाव-चडाव' (Over-valuation) કર્યો કહેવાય.

લોકોમાં ચેક, હૂંડી જેવાં ઉધાર વ્યવહારનાં સાધનોના વત્તા-ઓછા ઉપયોગને કારણે, કે લેવડ-દેવડની તેજી-મંદીને કારણે, પ્રજામાં ફરતાં નાણાંની સંખ્યામાં ફેર પડે છે. નાણાંની જલદી હેરફેર થાય તો

નાણાંની સંખ્યા વધી ન હોય છતાં એટલાં જ નાણાંમાં વધુ વ્યવહાર થઈ શકે. અને 'चलण-वेग' (Velocity of Circulation) વધ્યો કહેવાય. લારી ફેરવનાર ફેરિયાની લેવડ-દેવડનો વેગ વધુ હોવાથી તે ઓછી મૂડીમાં વધુ ધંધો કરી શકે છે એ જાણીતી વાત છે. એ જ રીતે ચેક વગેરેની સગવડથી ઓછાં નાણાંમાં વધુ વ્યવહાર ચાલે છે અને એ રીતે 'ચલણ-વેગ' વધવાથી રોકડ નાણાંની જરૂર ઓછી પડે છે.

Customs જકાત; જકાતવેરો

માલની આવ-જા ઉપર જે કર નાખવામાં આવે છે તેને 'जकात' કહે છે. જે જકાત દેશની બહાર જતા માલ ઉપર નાખવામાં આવે તેને 'निकासवेरो' (Export duty), દેશની અંદર આવતા માલ ઉપર નાખવામાં આવે તેને 'आयात-वेरो' (Import duty), દેશની અંદર પેદા થતા માલ ઉપર નાખવામાં આવે તેને 'અન્તર્જકાત' કે 'आबकारी वेरो' (Excise duty), શહેરની કે ગામની હદની અંદર આવતા માલ ઉપર નાંખવામાં આવે તેને 'हांसल' કે 'નાકા-વેરો (Octroi duty), અને દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં જતા આવતા માલ ઉપર નાખવામાં આવે તેને 'दाण' (Transit duty) કહે છે.

વાહનો વગેરે ઉપર ગામની કે શહેરની હદ ઓળંગતાં, કે કોઈ પુલ કે રસ્તો ઓળંગતાં જે કર નાખવામાં આવે છે તેને 'ટોલ કે नाकावेरो' (Toll) કહે છે.

જકાતવેરો માલની કિંમતના પ્રમાણમાં નાખવામાં આવે તેને 'किंमत-वार वेरो' (Ad-valorem duty), અને તેના કદ અથવા વજનના પ્રમાણમાં નાખવામાં આવે તેને 'परिमाण वेरो' (Specific duty) કહી શકાય. ગમે તે ધોરણે, દેશની આયાત–નિકાસ ઉપર જે કરનો દર નક્કી કર્યો હોય, તેની જુદા જુદા માલવાર તૈયાર કરેલી યાદીને 'जकातपत्रक' (Tarriff) કહી શકાય.

Demand માગ

કોઈ પણ માલના એકંદર ઉઠાવને તેની 'माग' કે 'खपत' કે 'घराकी' કહે છે. અને તેની એકંદર પેદાશને તેની 'छत', 'पेदाश' અગર 'पुरवठो' (Supply) કહે છે.

એક જ કામ માટે બે અથવા વધારે વસ્તુઓની એકી સાથે માગણી થતી હોય તેને 'संयुक्त माग' (Joint Demand) કહેવાય. દા. ત. ઘર બાંધવા માટે ઈંટો, ચૂનો, લાકડું વગેરેની માગણી. અને જુદા જુદા કામ માટે કોઈ એક વસ્તુની માગ થતી હોય તેને 'अनेकार्थी माग' (Composite Demand) કહેવાય. દા. ત. ઘી, દહીં, માવો વગેરે માટે દૂધની માગણી.

એક વસ્તુની માગ ઉપરથી બીજી વસ્તુની માગ પેદા થતી હોય તેને 'पेटा-माग' કે 'सापेक्ष माग' (Derived Demand) કહી શકાય. દા. ત. સાયકલના વપરાશને અંગે જોઈતા બીજા સામાનની માગ.

વસ્તુની કિંમતમાં વધઘટ થવાથી તેમની માગણીમાં જલદી વધઘટ થાય તેને 'चल माग' (Elastic Demand) કહેવાય. જેમકે રમકડાંની કિંમતમાં વધઘટ થવાથી તેની માગણીમાં થતી વધઘટ.

એક વસ્તુ વેચાય તો બીજી ખરીદાય એવી સ્થિતિને 'परस्पर माग' (Reciprocal Demand) કહે છે. જેમ કે કુંભારનો માલ વેચાય તો તેની આવકમાંથી કુંભાર કપડાં સીવડાવે કે જોડા ખરીદે; અને એ રીતે પોતાને કામ મળે તો તેમાંથી દરજી કે મોચી કુંભારનો માલ લે.

આ જ પ્રમાણે પેદાશના સંબંધમાં નીચે પ્રમાણે શબ્દો મૂકી શકાય :–

એક જ ઉત્પત્તિની ક્રિયામાંથી પરિણામે બે અથવા વધારે વસ્તુઓ પેદા થતી હોય (ઘઉં અને પરાળ) તેને 'संयुक्त पेदाश' (Joint Supply), એક જ વસ્તુ જુદી જુદી અનેક રીતે પેદા થતી હોય (શેરડી, બીટરૂટ વગેરેમાંથી ખાંડની પેદાશ) તેને 'विविध उपादान-पेदाश' (Composite Supply), એક વસ્તુની પેદાશ થતી

હોય તો જ બીજી વસ્તુ નીપજી શકે એમ હોય (ઘાસલેટની પેદાશને અંગે પેદા થતાં પૅરેફિન, વૅસેલીન વગેરે) તેને 'सापेक्ष के पेटापेदाश' (Derived Supply), અને માલની જે કિંમત ઊપજે તે પ્રમાણમાં પેદાશમાં જલદી વધઘટ થતી હોય તેને 'चल पेदाश' (Elastic Supply) કહી શકાય. જેમ કે કિંમતની વધઘટ થતાં મેવામીઠાઈની પેદાશમાં વધઘટ થાય તે.

જે કિંમતથી વધારે કિંમતે, અમુક વખતે, વસ્તુની માગ ન થાય તેને તે વસ્તુની 'मागनी अंतिम हद' (Demand Point), અને તે જ પ્રમાણે જે કિંમતથી ઓછી કિંમતે અમુક સમયે વસ્તુ મળી શકે નહિ તેને તે વસ્તુની 'पेदाशनी अंतिम हद' (Supply Point) કહી શકાય.

Distribution વહેંચણી

જે માલ ઉત્પન્ન થાય તેની આવક વ્યાજ, મહેનતાણું, નફો વગેરે રૂપમાં વહેંચાય છે તેને 'वहेंचणी' કહે છે.

Dumping ભાવતોડ હરીફાઈ

કોઈ રાષ્ટ્ર કે વેપારી બીજા રાષ્ટ્ર કે વેપારીના ઉદ્યોગને નુકસાન કરવાના અથવા બેસાડી દેવાના ઇરાદાથી, સામો વેપારી કે રાષ્ટ્ર તે માલ વેચી શકે તેનાથી સસ્તી કિંમતે બજારમાં માલ વેચે, તેને 'भावतोड हरीफाई' કે 'मालनुं लादण' કહી શકાય.

આ રીતની હરીફાઈમાં સસ્તી કિંમતનો માલ પૂરતા પ્રમાણમાં બજારમાં મૂકવામાં આવે છે; કોઈ વખત એ વસ્તુની મૂળ કિંમત કરતાં પણ ઓછે ભાવે વેચવામાં આવે છે. તેથી નવા વેપારીઓ કે નાના વેપારીઓ તે ભાવથી માલ વેચી શકતા નથી અને તેમને તે ધંધામાંથી ખસી જવું પડે છે. તેઓ ખસી ગયા પછી, અને બજાર પર પોતાનો કાબૂ આવી ગયા પછી, સસ્તા ભાવે બજારમાં માલ ખડકીને ભાવતોડ હરીફાઈ કરનાર પોતાનો ભાવ વધારી મૂકી પોતાની અગાઉની ખોટ ભરપાઈ કરી લે છે અને નફો કરે છે.

Economic Goods સંપત્તિ

જે વસ્તુઓ બધાને પૂરતા પ્રમાણમાં મફત મળતી હોય તેવા પદાર્થોને સંપત્તિશાસ્ત્રમાં 'सर्वसुलभ संपत्ति' (Free Goods) કહે છે (દા. ત. હવા, પાણી), અને જે વસ્તુઓ ઉપર પ્રમાણે બધાને મળતી ન હોય અને જેમની ઉત્પત્તિ માટે પ્રયાસ કરવો પડતો હોય અને તેવી રીતે તૈયાર થયેલી વસ્તુઓ વિનિમયને યોગ્ય હોય તેમને 'आर्थिक संपत्ति' (Economic Goods) કહે છે. (અનાજ, કાપડ વગેરે.) જે વસ્તુઓ સાર્વજનિક હોય અને ધન તરીકે ગણી શકાય તેવી હોય તેમને 'सार्वजनिक संपत्ति' (Public Goods) કહે છે. (જાહેર બાગ, રસ્તાઓ વગેરે.)

આમાંથી અનાજ, કાપડ જેવી સંપત્તિ 'प्रत्यक्ष संपत्ति' કે 'मूर्त संपत्ति' (Material goods) કહેવાય, ત્યારે માણસની આવડત– સંગીતકાર કે કલાકારની, અથવા શિક્ષક કે દાક્તરની–જેને લીધે કામ થાય છે અને વ્યક્તિને આવક થાય છે, તેને 'परोक्ष संपत्ति' કે 'अमूर्त संपत्ति' (Non-material Goods) કહેવાય.

Eonomics (Political Economy) સંપત્તિશાસ્ત્ર; અર્થશાસ્ત્ર

માણસની સાંપત્તિક પ્રવૃત્તિનાં જુદાં જુદાં અંગોનો વિચાર કરનાર શાસ્ત્રને 'संपत्तिशास्त्र' કે 'अर्थशास्त्र' કહે છે. અર્થશાસ્ત્ર એ શબ્દ આપણાં પ્રાચીન પુસ્તકોમાં સમાજશાસ્ત્ર જેવા વિસ્તીર્ણ અર્થમાં વપરાયેલો હોવાથી તેમાં રાજનીતિશાસ્ત્ર, નીતિશાસ્ત્ર વગેરેનો પણ સમાવેશ થાય છે. પણ તે શબ્દ હાલ સંપત્તિશાસ્ત્રના અર્થમાં વપરાતો થઈ ગયો છે. એટલે બંને શબ્દોને અહીં સમાન અર્થમાં ગણ્યા છે.

Efficiency કાર્યકુશળતા

કોઈ કારીગર પગાર અને વખતના પ્રમાણમાં વધારે સારું કામ આપે તે 'कार्यकुशळ' કે 'कार्यक्षम' છે એમ કહેવાય. એક કારીગર રોજનો એક રેંટિયો બનાવી શકે અને બીજો કારીગર તેટલા જ

સમયમાં અને સરખાં સાધનોથી રોજના બે કે વધારે રેંટિયા બનાવે તો બીજો કારીગર 'કાર્યકુશળ' ગણાશે.

Entreprenure યોજક

ઉદ્યોગની શરૂઆત કરનાર અને તેનાં ખાધલાભનું જોખમ ખેડનારને 'योजक' કહે છે. જે યોજક ઘણા ઉદ્યોગો ઊભા કરે અને ખીલવે તેને 'उद्योगनायक' કે 'उद्योगपति' (Captain of Industry) કહી શકાય.

Exchange વિનિમય

વસ્તુની આપલેના વ્યવહારને 'विनिमय' કહે છે.

Expectation of life સરેરાશ આયુષ્યમાન

એકંદર પ્રજાની મરણ–ઉંમર ઉપરથી, અમુક દેશના લોકોનું સરેરાશ આયુષ્ય કેટલું તે કાઢવામાં આવે છે. તેને તે પ્રજાનું 'सरेराश आयुष्यमान' કહે છે.

Exploitation ચૂસણ; શોષણ

કામ કરનારની સ્થિતિનો ગેરલાભ ઉઠાવીને, તેની પાસેથી ઓછામાં ઓછા પગારથી વધારેમાં વધારે કામ કરવાની પદ્ધતિને 'ચૂસણ પદ્ધતિ' કે 'શોષણ પદ્ધતિ' કહી શકાય. જેમકે કામદારોની સંખ્યા વધારે હોવાથી અગર અમુક પ્રકારના ભણેલા વધી પડવાથી તેમની પાસેથી ઓછા પગારે બને તેટલું વધારે કામ લેવામાં આવે તે તેમનું 'शोषण કર્યું' કહેવાય. આમાં સામાન્ય રીતે પ્રચલિત ધોરણથી ઓછો પગાર આપીને, પહેલાંની માફક અગર વધારે કામ કરાવવાનો પ્રયત્ન હોય છે. કારીગરો પાસેથી, પૂરતી હવા અને અજવાળા વિનાની ગમે તેવી જગ્યામાં કામ લેવામાં આવે અને રજાના નિયમો કે કામના કલાકોનું કંઈ ઠેકાણું ન હોય, તેને 'मजूरोंनी चूसण पद्धति' (Sweating System) કહી શકાય. કેટલાંક છાપખાનાઓમાં બીબાં ગોઠવનારની, કેટલીક ઑફિસોમાં કારકુનોની, અને ખાસ કરીને ગમે તેવી જગ્યામાં

ગોંધાઈને, 'काम प्रमाणे महेनताणुं' (Piece Wages) લઈને ગમે તેટલા કલાક કામ કરનારાની આ સ્થિતિ હોય છે.

Exports નિકાસ

દેશમાંથી પરદેશ જતા માલને 'निकास' (Exports) અને પરદેશથી આવતા માલને 'आयात' (Imports) કહે છે.

સીધી રીતે માલની જે આયાત-નિકાસ થતી હોય તે ઉપરાંત, એટલે કે દૃશ્ય (Visible) આયાત-નિકાસ ઉપરાંત લોનનું વ્યાજ, મુસાફરોનો ખર્ચ, મૂડીદારોનો નફો, કંપનીઓનાં કમિશનો વગેરે જે રકમોનો આયાત-નિકાસની નોંધણીમાં સમાવેશ નથી થતો, પણ જે પેટે લેવડ-દેવડ કરવી પડે છે, તેને 'अदृश्य आयात-निकास' (Invisible Imports and Exports) કહી શકાય.

આયાત-નિકાસના પ્રમાણ (Balance, Proportion between Exports and Imports) ને 'वेपारतुला' (Balance of Trade) કહી શકાય. આયાત કરતાં નિકાસ વધુ હોય તો વેપાર-તુલા તરફેણમાં – અનુકૂળ – (for) છે એમ કહેવાય; અને આયાત કરતાં નિકાસ ઓછી હોય તો વેપારતુલા વિરુદ્ધમાં – પ્રતિકૂળ – – (against) છે એમ કહેવાય.

દૃશ્ય અને અદૃશ્ય (પ્રત્યક્ષ અને પરોક્ષ) આયાત-નિકાસની એકંદર લેવડ-દેવડ ઉપરથી, છેવટે જે તારણ નીકળે તેને 'वेपारनुं तारण' કે 'सरवैयुं' (Balance of Accounts) કહી શકાય.

Expropriation માલિકીહરણ; ધનહરણ

મૂડીદારો પાસેથી કારખાનાં વગેરે ઉત્પત્તિનાં સાધનો તેમને બદલો આપ્યા વગર, સરકાર કે સત્તાધારી લોકો તરફથી પડાવી લેવામાં આવે, અથવા જમીનદારો પાસેથી બદલો આપ્યા વગર જમીન પડાવી લેવામાં આવે, તેને મૂડીદાર કે જમીનદારનું 'मालिकीहरण' કે 'धनहरण' કહેવાય.

External Economics બાહ્ય અર્થકારણ

ઉદ્યોગમાં રોકાયલા માણસોની શક્તિ, નાણાંની જોગવાઈ, અને સાધનોની સ્થિતિ જેવી ધંધાની આંતરિક બાબતોને તે ઉદ્યોગનું 'आंतरिक अर्थकारण', (Internal Economics) અને તે ઉદ્યોગના બજારની પરિસ્થિતિ, તેના વિકાસની પરિસ્થિતિ, દેશપરદેશમાં સ્થાન જેવા આજુબાજુના સંજોગોને 'बाह्य अर्थकारण' (External Economics) કહી શકાય. દરેક ઉદ્યોગનો વિકાસ તેની આંતરિક અને બાહ્ય પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે; અને વેપારી કે ઉદ્યોગ-વાળાનો નફો કંઈક અંશે તેના કાર્યની આંતરિક પરિસ્થિતિની વિશેષતાને લઈને હોય છે.

Feudal System ઠકરાતપદ્ધતિ

અગાઉના વખતમાં દેશો ઉપર આક્રમણ થતાં, ત્યારે જીત મળ્યા પછી વિજેતાઓ પોતાના મળતિયા સરદારો અથવા ઠાકોરોને કોઈ ગામ કે પ્રદેશ બક્ષિસ તરીકે આપતા. એ રીતે સત્તા પર આવેલા ઠાકોરો કે તેમના વારસો પછી જે રીતે અધિકારો ભોગવતા અને અમલ ચલાવતા, તે રીતને 'ठकरांतपद्धति' કહેવાય. આ પદ્ધતિનાં લક્ષણ યુરોપમાં અને આપણા દેશમાં બધે થોડેઘણે અંશે જોવામાં આવે છે.

FreeTrade ખુલ્લો વેપાર

દેશદેશ વચ્ચે હરીફાઈના ધોરણ અનુસાર અબાધિત વેપાર ચાલે તેને 'अबाधित वेपार' કે 'खुल्लो वेपार' કહેવાય; અને દેશના ઉદ્યોગોને સંરક્ષણ આપવાના ઇરાદાથી, દેશોમાંથી જતા આવતા માલ ઉપર જકાત નાખીને, અથવા બીજી રીતે હરીફાઈથી થતા વેપારને નિયન્ત્રિત કરવામાં આવે, તેને 'नियंत्रित वेपार' કે 'संरक्षित वेपार' (Protected Trade) કહેવાય. તેમ કરવાની અર્થનીતિને 'संरक्षण' (Protection) કહે છે.

સંરક્ષણ અમુક નક્કી કરેલા ધોરણે, અમુક સંજોગોમાં જ આપવામાં આવે તેને 'मर्यादित संरक्षण' (Discriminative Protection) કહેવાય.

બ્રિટિશ સામ્રાજ્યમાં આવેલા દેશો સામ્રાજ્ય બહારના દેશોના માલ ઉપર જેટલી જકાત નાખતા હોય તે કરતાં સામ્રાજ્ય અંદરના દેશોના માલ ઉપર ઓછી જકાત નાખે, એટલે આયાત અને નિકાસમાં સામ્રાજ્યના માલને પસંદગી આપે, તે 'शाही पसंदगी' (Imperial Preference) કહેવાય.

સરકારના કાયદાની મદદ સિવાય, પોતાના દેશમાં પેદા થતા માલને ઉત્તેજન આપવું, એટલે કે સંરક્ષણના તત્ત્વનો પોતાની મેળે પ્રચાર કરવો તેને આપણે 'स्वदेशी' કહીએ છીએ.

કોઈ દેશ કે સંસ્થા, પોતાના ઉદ્યોગોને ઉત્તેજન આપવાના ઇરાદાથી, પરંતુ ખાસ કરીને સામા પક્ષને આર્થિક દંડ દેવાના ઉદ્દેશથી તેનો માલ ખરીદવાનું બંધ કરે તેને 'बहिष्कार' (Boycott) કહે છે.

Government Intervention સરકારી નિયમન

ઉદ્યોગો ચલાવવાના ધોરણ સંબંધમાં સરકાર તરફથી કેટલાક નિયમો નક્કી કરવામાં આવે, એટલે કે કારીગરોના પગાર, રહેઠાણો, રજાઓ, અકસ્માતો વગેરેને અંગે અમુક થવું જોઈએ એમ સરકાર ફરમાવે તેને 'सरकारी नियमन' કહી શકાય. કોઈ વખત ઉદ્યોગો સંબંધી ઝઘડાઓનો નિકાલ કરાવવા માટે સરકાર વચ્ચે પડે છે તેને પણ 'સરકારી નિયમન' કહેવાય.

Guilds મહાજન

માલનાં પેદાશ, ભાવ તથા તે તે ઉદ્યોગોની ખિલવણી વગેરેને લગતાં ધારાધોરણો નક્કી કરવા માટે અને તે અનુસાર અમલ કરાવવા માટે જુદા જુદા ધંધાદારીઓનાં જે મંડળો હોય છે તેને 'महाजन' કહે છે.

Holdings ખેતરો; ખાતાં

ખેડૂતોની જમીનના જુદા જુદા નંબરો પાડેલા હોય છે તેને 'ખેતરો' કહે છે. ખેતરો નાનાં હોય કે મોટાં. ઘણી વખત વારસામાં જમીન વહેંચાઈ જવાથી ખેતરોના એવા નાના નાના ટુકડા પડી જાય છે, ખેતરો એવાં વિભક્ત (Fragmented or Divided) થઈ જાય છે કે તેમાંથી પૂરતી કમાણી થતી નથી. એ રીતે જેમાંથી પૂરતી કમાણી ન થતી હોય તે ખેતરો 'खातल' (Uneconomic, Unpaying) કહેવાય; અને જેમાંથી ખેતીનું ખર્ચ જતાં, તેમાં કામ કરનારાના નિર્વાહપૂરતી કમાણી થતી હોય તે 'कमातल' (Economic, Paying) કહેવાય. 'ખાતલ' ખેતરોને 'अेकजथे' (Consolidate) કરીને ખેતી કરવી જોઈએ, જેથી ખેતીનો ધંધો નુકસાનમાં ન ચાલે.

Home Charges વિલાયતનું ભરણું

લંડનની હિંદી કચેરીના ખર્ચ માટે તથા હિંદમાંથી નિવૃત્ત થઈને ગયેલા ગોરા અમલદારોનાં પેન્શન, પરદેશમાં કરેલા કરજનું વ્યાજ વગેરે માટે હિંદી સરકારને દર વરસે ઈંગ્લંડ જે રકમ મોકલવી પડતી તેને 'विलायतनुं भरणुं' કે 'सालियाणुं' કહી શકાય. આ રીતે અને પરદેશીઓના નફા વગેરેમાં જે રકમ દર વરસે દેશમાંથી ઘસડાઈ જાય તેને 'आर्थिक स्राव' (Economic Drain) કહેવાય.

Income આવક

મિલકતમાંથી કે આત્મપરિશ્રમથી થતા ઉપાર્જનને 'आवक' કહે છે. મિલકતમાંથી થતી આવકને 'मिलकती आवक' (Funded Income), પોતાની મહેનતથી થયેલી આવકને 'उपार्जित आवक' (Unfunded Income), અને પોતાની મહેનત વગર સામાજિક ફેરફારોને લીધે આવકમાં વધારો થાય તેને 'अनुपार्जित आवक' કહેવાય. જેમ કે રેલવેની, રસ્તાઓની સગવડ વધવાથી જમીન અને

ઘરોની કિંમત વધે અને તેમાંથી થતી આવક વધે તે 'અનુપાર્જિત આવક' ગણાય.

Individualism વ્યક્તિવાદ

આર્થિક વ્યવસ્થામાં અંગત હિત અને વ્યક્તિગત સ્વાતંત્ર્યની દૃષ્ટિને જ પ્રધાનપદ આપવામાં આવે તેને 'व्यक्तिवाद' કહી શકાય; અને આવી રીતે પોતાના જ હિતનો ખ્યાલ રાખીને વર્તવાની વ્યક્તિને છૂટ આપવાની પદ્ધતિને 'स्वैर पद्धति' (Laissez faire), તથા એ જ પદ્ધતિ અનુસાર સમાજરચના થવી જોઈએ એમ માનવું એને 'स्वैरवाद' (Anarchism) કહી શકાય. સ્વૈરવાદીઓનો ખાસ વિરોધ રાજ્યના શાસન સામે હોવાથી તેમના મતને 'अशासनवाद' પણ કહી શકાય. કેટલાક તેને 'अराजकतावाद' પણ કહે છે. પણ અરાજકતા એટલે અંધાધૂંધી નહિ. સ્વૈરવાદી સમાજમાં અંધાધૂંધી નહિ હોય, પણ દરેક વ્યક્તિ પોતાના સમાજના માણસો સાથે પરસ્પર સમજૂતીથી બરાબર વર્તશે, રાજ્યના કાયદાનું નિયમન હશે માટે જ તે સીધો ચાલશે એમ નહિ, પણ આપસમજણથી નિયમમાં રહેશે, એમ સ્વૈરવાદીઓનું માનવું છે.

Index Numbers ભાવનો આંક

જે આંકડાઓ ઉપરથી વસ્તુઓના ભાવમાં બજારમાં થયેલી વધઘટ દર્શાવવામાં આવે છે તેને 'भावनो आंक' કહી શકાય. આ આંક કોઈ સામાન્ય વર્ષને ભાવના પાયા તરીકે લઈને, (૧૦૦ ગણીને) તે વખતના ભાવમાં પછીથી કેટલી વધઘટ થઈ તે ટકામાં દર્શાવવામાં આવે છે. જેમ કે, ૧૯૩૯માં વસ્તુઓના ભાવ ૧૦૦ બરાબર ગણીએ તો તે વખતના ભાવોને હિસાબે ૧૯૪૭ના નવેમ્બરમાં અમદાવાદમાં ચીજોના ભાવ ૩૧૬ થયા હતા. જુદી જુદી દરેક ચીજના ભાવની વધઘટ આ રીતે દર્શાવી શકાય છે.

જુદી જુદી વપરાશની વસ્તુઓના જુદા જુદા સમયના ભાવ સરખાવીને 'जीवनखर्चनो आंक' (Cost of Living Index Numbers) કાઢવામાં આવે છે. બધી વસ્તુઓનો વાપર એકસરખો હોતો નથી. એટલે વસ્તુઓની વપરાશના પ્રમાણમાં ગણતરીના કોઠામાં તેમને ઓછુંવત્તું મહત્ત્વ આપીને ભાવનો આંક કાઢવામાં આવે તેને 'वजनवाळा आंक' (Weighted), અને બધી ચીજોના વપરાશનું સરખું જ પ્રમાણ ગણીને આંક કાઢવામાં આવે તેને 'विनवजनवाळा आंक' (Unweighted) કહે છે.

Interest વ્યાજ

ગામડાંમાં ધીરધાર કરનારા (Money Lenders) 'शाहुकार' અગર 'महाजन' કહેવાય છે. તેઓ પહેલાં ઘણુંખરું સામાન્ય વ્યાજના દરથી ધીરધાર કરતા, પણ હવે તેઓ વધારાપડતું વ્યાજ લઈને — 'व्याजखोरी' કરીને — ખેડૂતોને ચૂસે છે એમ કહેવાય છે.

મૂડીના વપરાશના બદલામાં, મૂળ રકમ ઉપરાંત જે વધારો લેવામાં આવે છે તેને 'व्याज' કહે છે.

મૂડી એ 'बचत' (Saving) નું પરિણામ છે અને બચત કરકસર, સંયમ (Abstinence) થી થઈ શકે છે. માણસ પોતાની આવકનો તાત્કાલિક ઉપયોગ ન કરતાં ભવિષ્ય ઉપર તેનો ઉપયોગ મુલતવી રાખે અને તાત્કાલિક ખર્ચ ઉપર કાબૂ રાખી ચાલુ ખર્ચને મર્યાદિત કરે, તો તે ભવિષ્યને માટે બચાવી શકે છે. તે 'કરકસર' એટલે કે સંયમના બદલામાં તેને વ્યાજ મળે છે એમ કહેવાય છે.

દેશની મુખ્ય બૅન્ક જે વ્યાજના દરથી ઉત્તમ શાખ ઉપર, માલની હૂંડી ઉપર અગર સરકારી લોનનાં કાગળિયાં–जामीनगीरी– (Securities) ઉપર નાણાં ધીરે તેને 'बेन्कनो दर' (Bank Rate) કહે છે. આવો જ શરાફી બજારનો 'शराफी दर' હોય છે. આ બન્ને દરમાં થોડો ફેર હોય છે. સરકારી લોનમાં કાગળિયાં એ 'उत्तम जामीनगीरीओ' (Gilt-edged Securities)માં ગણાય છે.

જે દરથી બૅન્ક અગર શરાફ, અમુક મુદ્દત પછી પાકનાર હૂંડી કે વેપારી બિલ જેવાં કાગળિયાં ઉપર વ્યાજની કસર કાપીને અગાઉથી નાણાં આપે છે તેને 'वटावनो दर' (Discount Rate) કહે છે. બૅન્ક માંગે ત્યારે નાણાં પાછાં આપવાની શરતે જે નાણાં ધીરવામાં આવે છે તેના વ્યાજના દરને 'हाजर दर' (Call Rate) કહે છે.

બજારમાં સામાન્ય રીતે જે વ્યાજનો દર ચાલતો હોય તેને અનુસરીને વ્યાજ ન લેતાં, હદ ઉપરાંત વ્યાજ લેવામાં આવે તેને 'व्याजखोरी' (Usury) કહેવાય.

Industry ઉદ્યોગ

પ્રજાની જરૂરિયાતો પૂરી પાડનાર વસ્તુઓ તે સંપત્તિ અને તે તૈયાર કરવાનું કામ તે 'उद्योग' કહેવાય. આમાંથી એંજિનો કે આગબોટો કે યંત્રો જેવી વસ્તુઓ તૈયાર કરવાના ઉદ્યોગો 'भारे उद्योगो' (Heavy Industries) કહેવાય; અને કોલસો, તેલ, લોઢું, રસાયણો ને વીજળી-ઉત્પાદન જેવા ઉદ્યોગો, જેમના ઉપર બીજા ઉદ્યોગોનો આધાર હોય છે તેમને 'पायाना उद्योगो' (Key or Basic Industries) કહેવાય.

Labour મહેનત

માલની ઉત્પત્તિ માટે જે શારીરિક કે માનસિક મહેનત કરવામાં આવે છે તેને 'महेनत' કહે છે. તેને કેટલાક 'श्रम' કે 'मजूरी' પણ કહે છે. પરંતુ હદ કરતાં વધારે મહેનત માટે 'श्रम' શબ્દ વપરાતો હોવાથી અને શારીરિક મહેનત માટે 'मजूरी' શબ્દ વપરાતો હોવાથી બધી જાતની મહેનત માટે 'महेनत' શબ્દ પસંદ કરવા જેવો છે. તે જ પ્રમાણે મહેનત કરનાર માટે 'मजूर' કે 'श्रमजीवी' શબ્દ વાપરવાને બદલે 'कामदार' (Labourer) શબ્દ પસંદ કરવા જેવો છે.

જે મહેનત માટે અગાઉથી તૈયારીની જરૂર હોય તેવી મહેનતને 'કુશળ મહેનત' અગર 'कारीगरी' (Skilled Labour), અને જેને માટે શારીરિક શક્તિ સિવાય બીજી તૈયારીની ખાસ જરૂર ન હોય તેવી મહેનતને 'સાદી મહેનત' અગર 'मजूरी' (Unskilled Labour) કહી શકાય.

જો ધંધાની જરૂરિયાત પ્રમાણે કે મજૂરોની છત-અછત અનુસાર મજૂરો એક ઠેકાણેથી બીજે ઠેકાણે જઈ શકે એવી સ્થિતિ હોય તો તેમાં મજૂરી 'गतिशील' (Mobile) છે, અને તેમ ન હોય તો 'स्थिर' (Immobile) છે એમ કહેવાય.

જે મહેનત ધનની ઉત્પત્તિમાં મદદરૂપ થાય અથવા નવું ધન પેદા કરવામાં સીધી કે આડકતરી રીતે મદદ કરે તેને 'उत्पादक महेनत' (Productive Labour), અને જેની અસર તેથી ઊલટી થાય અથવા ઉત્પાદક ન હોય તેને 'अनुत्पादक महेनत' (Unproductive Labour) કહે છે.

કાર્યદક્ષતાની દૃષ્ટિએ એક કામના જુદા જુદા ભાગ જુદા જુદા માણસો વચ્ચે વહેંચી નાખવામાં આવે તેને 'कार्यविभाग' (Division of Labour), અને તે કાર્યવિભાગનું તત્ત્વ જુદાં જુદાં રાષ્ટ્રો, દેશો કે પ્રદેશોને લાગુ પાડવામાં આવે તેને 'प्रादेशिक कार्यविभाग' કે 'राष्ट्रीय कार्यविभाग' (International or Territorial or Geographical Division of Labour) કહે છે.

ભારે વજન ઉપાડવા માટે કે કોઈ કામ કરવા માટે ઘણા માણસો ભેગા થાય તે 'सादो કાર્યવિભાગ' (Simple) કહેવાય, અને એક ક્રિયાના ઘણા પેટા વિભાગો કરી નાખવામાં આવે તેને 'सूक्ष्म કાર્યવિભાગ' (Complex) કહેવાય. દા. ત. ટાંકણીના કારખાનામાં કોઈ તાર કાપે, કોઈ ટાંકણીનું માથું બનાવે, કોઈ અણી કાઢે, કોઈ પાલીસ કરે, કોઈ ગોઠવે વગેરે.

સૂક્ષ્મ કાર્યવિભાગ યંત્રને લીધે થાય છે અને તેને લીધે કારખાનાં ઊભાં થાય છે. તેથી એક જગ્યાએ ઘણા કામદારોને કામ કરવા એકઠા થવું પડે છે. તેને 'कामदारोनुं केन्द्रीकरण' (Concentration or Combination of Labour) થયું કહેવાય. તે જ પ્રમાણે મૂડી અને ઉદ્યોગ મૂઠીભર માણસોના હાથમાં એકત્ર થાય તેને 'मूडीनुं केन्द्रीकरण' (Concentration of Capital) થયું કહેવાય.

Labour Co-partnership કામદારોની ભાગીદારી

ઉદ્યોગમાં કામદારો ફક્ત પગાર લેનાર તરીકે નહિ, પરંતુ ભાગીદાર તરીકે કામ કરે અને નફાતોટામાં ભાગીદાર થાય તેને કામદારોની 'भागीदारी पद्धति' કહી શકાય; અને જે પદ્ધતિમાં જ્યારે જ્યારે નફો થાય ત્યારે કામદારોને નફામાં ભાગ આપવામાં આવે, પણ ખોટ જાય ત્યારે ભાગીદાર તરીકે ખોટમાં ભાગીદાર ગણવામાં ન આવે તેને 'नफानी भागीदारी पद्धति' (Profit-Sharing) કહી શકાય.

Land જમીન

જેમની છતનો આધાર કુદરત ઉપર છે તેવી ખાણો, નદીઓ, ખેતરો વગેરે કુદરત તરફથી મળતી વસ્તુઓને સંપત્તિશાસ્ત્રમાં 'जमीन' કહે છે. કેટલાક તેને 'कुदरत' (Nature) પણ કહે છે.

જે જમીનમાંથી પેદાશના ખર્ચના પ્રમાણમાં બજારભાવે ખર્ચ પૂરતું જ મળી રહે તે જમીનને 'कांठा परनी' કે 'सीमान्त जमीन' કે 'સરભરિયા જમીન' (Land on the Margin of Cultivation) કહેવાય; અને જેટલા એકર જમીનની પેદાશમાંથી ખેતીનું ખર્ચ કાઢતાં, ચાલુ રિવાજ મુજબ કુટુંબનું ભરપોષણ થઈ શકે તેટલું મળી રહે, તેટલી જમીનને 'निर्वाहपूरती जमीन' કે 'ખેતીનું એકમ' (Economic Holding) કહેવાય. કુટુંબના ખર્ચનું પ્રમાણ રૂઢિ અને પ્રદેશને અનુસરી વત્તુંઓછું હોઈ શકે છે.

જમીન વરસાદના કે પૂરના પાણીથી ધોવાય અને તેથી તેના ઉપરના પડને નુકસાન થાય તેને 'जमीननुं धोवाण' (Land Erosion) કહે છે.

Liability જવાબદારી

કોઈ મંડળના દેવામાં, તે મંડળનો સભ્ય જેટલે અંશે ભાગીદાર થતો હોય તેટલી તે સભ્યની 'जवाबदारी' ગણાય તે સભ્યનો મંડળમાં જેટલો હિસ્સો–શૅર (Share) હોય તેટલા પ્રમાણમાં જ તેની જવાબદારી ગણાતી હોય તો તેને 'नियत जवाबदारी' કે 'लिमिटेड जवाबदारी' (Limited) કહે છે; અને દરેક સભ્ય મંડળના બધા દેવા માટે જવાબદાર ગણાતો હોય તો તેને 'अनियत जवाबदारी' કે 'संपूर्ण जवाबदारी' (Unlimited Liability) કહે છે. તેને 'एकामते एकाजूथे जवाबदारी' (Joint and Several Liability) પણ કહે છે.

નિયત જવાબદારીમાં કોઈ સભ્યના જો સો રૂપિયાના શૅર મંડળમાં હોય, તો સો રૂપિયાના શૅરના ભાગે જેટલી જવાબદારી આવે, તેટલી જ એની જવાબદારી ગણાય. પરંતુ અનિયત જવાબદારીમાં શૅર સો રૂપિયાના હોય કે બસોના હોય તે જોવાતું નથી. પણ આખા મંડળની જે કુલ જવાબદારી હોય તેટલી બધી જવાબદારી દરેક સભ્યની ગણાય છે. ગામડાંની સહકારી મંડળીઓ ઘણુંખરું અનિયત જવાબદારીને ધોરણે કામ કરે છે. ભાગીદારોની દુકાનો અને પેઢીઓ પણ એ જ ધોરણે કામ કરે છે. ત્યારે શહેરોની મંડળીઓ અને કંપનીઓ નિયત જવાબદારીને ધોરણે કામ કરે છે.

Loan લોન

જે રકમ ધીરવામાં આવે તેને 'लोन' કહે છે. લોન ટૂંકી મુદતની હોય કે લાંબી મુદતની હોય; વ્યક્તિની હોય કે સંસ્થાની હોય; બૅન્કની હોય કે સરકારની હોય; સરકારે લીધેલી હોય કે આપેલી હોય.

Market બજાર

માલની આપ-લેનો વ્યવહાર કરવાના સ્થળને 'बजार' (Market) કહે છે. બજાર એક વસ્તુનું હોય કે ઘણી વસ્તુઓનું હોય; બજાર સ્થાનિક હોય કે આન્તરરાષ્ટ્રીય હોય. દૂધ, શાકભાજી જેવી વસ્તુઓનું બજાર ઘણુંખરું સ્થાનિક હોય છે; ત્યારે ઘઉં, કપાસ જેવી વસ્તુઓનું બજાર આંતરરાષ્ટ્રીય હોય છે.

બજારમાંથી માલની ખરીદી કરવી તેને 'खरीदी' (Marketing) કહે છે.

Medium of Exchange વિનિમયનું વાહન

જે વડે સર્વ માલનો વિનિમય થઈ શકે છે તેને 'વિનિમયનું વાહન' કહે છે. જેમ કે નાણું. દરેક વસ્તુનો વિનિમય નાણા દ્વારા કરવામાં આવે છે એટલે તે 'विनिमयनुं वाहन के माध्यम' ગણાય.

Mercantilists વેપારવાદી

જે મતવાદીઓ સંરક્ષણ (Protection) પદ્ધતિથી અને ખાસ કરીને આયાત કરતાં નિકાસ વધારીને પરદેશથી ધન ખેંચી લાવીને, દેશની સંપત્તિ વધારવાના મતના હતા તેમને 'वेपारवादीओ' કહેવામાં આવે છે.

Middle-man દલાલ; વેપારી

જે માણસો માલની સીધી ઉત્પત્તિ નથી કરતા પણ ફક્ત માલનો વિનિમય કરવામાં મદદ કરે છે, એટલે માલ ઉત્પન્ન કરનાર અને વાપરનાર વચ્ચે વ્યવહાર ચલાવે છે, તેમને 'आडतिया' કે 'दलाल' કે 'वेपारी' કહી શકાય. દુકાનદાર, વેપારીઓ, ફેરિયાઓ અને દલાલો આ વર્ગમાં આવે છે.

Money નાણું

જે વસ્તુ વિનિમયના વાહન તરીકે વપરાય છે અને જેના વડે સઘળી વસ્તુઓનો વિનિમય થઈ શકે છે તેને 'नाणुं' કહે છે. સરકાર

જે નાણું દેશનાં મુખ્ય નાણા તરીકે નક્કી કરે અને જેની બજારમાં કે ખાનગી વ્યવહારમાં ગમે તેટલા પ્રમાણમાં આપ-લે થઈ શકતી હોય, એટલે કે જેની આપ-લેની મર્યાદા ન હોય તેવા નાણાને 'मुख्यनाणुं' (Legal Tender; Standard Money) કહે છે.

જે નાણાનો અમુક રકમ સુધી જ ઉપયોગ થઈ શકતો હોય, એટલે કે જેની આપ-લે માટે કાયદાથી નક્કી કરેલી મર્યાદા હોય તેને 'उपनाणुं' કે 'परचूरणनाणुं' (Subsidiary Money) કહે છે; અને જેનું ચલણી મૂલ્ય (Nominal or Face Value) તેની મૂળ ધાતુની કિંમત કરતાં વધારે હોય તેને 'संकेतनाणुं' (Token Money) કહે છે. આપણો રૂપિયો એ મુખ્ય નાણું છે. પણ તેમાંની ધાતુની કિંમત સોળ આના જેટલી નથી; એટલે તે 'સંકેત નાણું' છે. આની, બે આની, પાવલી વગેરે પરચૂરણ વ્યવહાર માટે કાઢવામાં આવતા સિક્કાઓ એ 'ઉપનાણું' છે.

નાણાથી જુદે જુદે વખતે ઓછોવત્તો માલ ખરીદી શકાય છે. અમુક વખતે અમુક નાણાનો જેટલો માલ મળે તેટલી નાણાની 'खरीदशक्ति' (Purchasing Power) કહેવાય. ૧૯૩૯ના યુદ્ધ પહેલાં એક રૂપિયાનો જેટલો માલ મળતો તેટલો ૧૯૪૮માં મળતો નથી. એટલે યુદ્ધને કારણે રૂપિયાની 'ખરીદશક્તિ' ઘટી છે. પણ કેટલાક લોકો પાસે પૈસાની રેલમછેલ થવાથી તેમની વ્યક્તિગત 'ખરીદ-શક્તિ' વધી છે.

જો કોઈ એક ધાતુનો સિક્કો મુખ્ય નાણા તરીકે ચાલતો હોય તો તેને 'एक धातुनुं चलण' (Monometallism) કહે છે. દા. ત. સોનું કે રૂપું ગમે તે એક ધાતુનું મુખ્ય ચલણ હોય.

જો કોઈ બે ધાતુના સિક્કા મુખ્ય નાણા તરીકે ચાલતા હોય, એટલે કે કાયદાથી નક્કી કરેલા ધોરણ મુજબ એમાંથી ગમે તે ધાતુના નાણામાં અમર્યાદિત લેવડદેવડ થઈ શકતી હોય, તો તેને 'बे धातुनुं चलण' કે 'द्विचलण' (Bimetallism) કહે છે. દા. ત. ૧ ગીની=

૧૫ રૂ. ના ધોરણે સોનું-રૂપું બંનેના સિક્કા મુખ્ય ચલણ તરીકે ચાલતા હોય. આમ બંને ધાતુના સિક્કા, કાયદાથી ઠરેલા ભાવ પ્રમાણે મુખ્ય નાણા તરીકે વપરાતા હોય ત્યારે એમાંથી એક પણ ધાતુના ભાવમાં વધઘટ થવાથી સરકારભાવે સસ્તી અને બજારભાવે મોંઘી ધાતુના સિક્કા ચલણમાંથી અદૃશ્ય થાય છે, અને બજારમાં નબળી પડેલી ધાતુનું નાણું ચલણમાં રહે છે. આવી ચલણ-પદ્ધતિને 'लंगडी चलण पद्धति' (Limping Standard) કહે છે.

જો દેશના આંતરિક વ્યવહાર માટે રૂપા જેવી હલકી ધાતુનું નાણું કે સંકેત નાણું (Token Money) મુખ્ય નાણા તરીકે ચાલતું હોય અને ફક્ત પરદેશના વ્યવહાર માટે સોનાનાણા કે પાઉન્ડમાં હૂંડીઓ પૂરી પાડવાની વ્યવસ્થા હોય તો તેને 'सुवर्ण विनिमय पद्धति' (સોના-હૂંડી ધોરણ) (Gold Exchange Standard), અગર 'पाउन्ड विनिमय पद्धति' (પાઉન્ડ-હૂંડી ધોરણ) (Sterling Exchange Standard) કહેવાય. આપણા દેશમાં આંતરિક વ્યવહાર માટે રૂપિયાનું ચલણ છે અને પરદેશના વ્યવહાર માટે રૂ. ૧=૧૮ પેન્સના ભાવથી હૂંડીઓની લેવડદેવડ કરવાની વ્યવસ્થા છે. આ 'कृत्रिम चलण' (Managed Currency)નો એક પ્રકાર છે. વેપારના અસાધારણ સંજોગોમાં રૂપિયાનો આ ભાવ ટકાવી રાખવા માટે લંડનમાં જે સોનાનું ભંડોળ એકઠું કરી રાખવામાં આવે છે તેને 'सुवर्ण भंडोळ' (Gold Standard Reserve) કહી શકાય.

જો ઉપર પ્રમાણે પરદેશ સાથેના વ્યવહાર માટે સોનાની કે પાઉંડની હૂંડીઓ પૂરી પાડવાની વ્યવસ્થા હોય અને તે ઉપરાંત આંતરિક વ્યવહાર માટે નિયત કરેલી મર્યાદામાં અને સરકારે નક્કી કરેલા ભાવથી નોટો કે રૂપાનાણાને બદલે સોનું પ્રજાને આપવાની વ્યવસ્થા હોય તો તે વસ્તુતઃ 'सोनानुं धोरण' કે સોના-પાટ ધોરણ (Gold Bullion Standard) છે એમ કહેવાય.

જો સોનાના સિક્કા જ મુખ્ય ચલણ તરીકે વપરાતા હોય તો તેને 'सोनानु चलण' (Gold Standard Currency) કહેવાય. જો ચલણમાં, જુદી જુદી વપરાશની વસ્તુઓના ભાવની ચઢ-ઊતરનો ખ્યાલ કરીને, તે વસ્તુઓના ભાવના આંક (Index Numbers) મુજબ વધારો-ઘટાડો કરવામાં આવે તો તેને 'भाव–आंकनुं धोरण' (A Tabular Standard of Value or Isometric Standard) કહેવાય. આવા ચલણને 'कृत्रिम चलण' (Managed currency) કહેવાય.

Nationalization રાષ્ટ્રીયકરણ

ઉદ્યોગોનો કાબૂ રાષ્ટ્રના હાથમાં સોંપવામાં આવે કે રાષ્ટ્ર લઈ લે તેને ઉદ્યોગોનું 'राष्ट्रीयकरण' કર્યું કહેવાય. તેમાં પ્રજાની પ્રતિનિધિ સરકાર ઉદ્યોગોની માલિકી ધરાવે અને વ્યવસ્થા કરે. તે જ પ્રમાણે જમીનનું 'રાષ્ટ્રીયકરણ' થઈ શકે.

Over-capitalization (Watering of Capital) **મૂડીનો અતિરેક**

કોઈ ઉદ્યોગમાં, જો તેમાં રોકેલી મૂડીનું બજારભાવે વ્યાજ આપવા પૂરતી આવક ન થતી હોય તો તેમાં 'मूडीनो अतिरेक' કે 'फुगावो' થયો છે એમ કહેવાય.

Over-production અતિપેદાશ

ઉદ્યોગમાં પેદા થયેલો માલ ઓછામાં ઓછી જેટલી કિંમતથી વેચવો પરવડે તે કરતાં જો તેની ઓછી કિંમત ઊપજે, એટલે કે ચાલુ બજારભાવે વેપારીને માલ વેચવો પરવડે નહિ અને માલની છત ઘણી વધી પડે તો 'अतिपेदाश' થઈ કહેવાય. આવી અતિ-પેદાશને લીધે કે બજારમાં નાણાંની ઊથલપાથલ થવાથી કે એવાં બીજાં કારણોથી કોઈ વખત ઉદ્યોગમાં કટોકટીભરી સ્થિતિ ઊભી થાય છે; ઘણા ઉદ્યોગો તૂટી પડે છે અને કેટલાકને દેવાળાં કાઢવાં પડે છે; તથા

ઘણા લોકોના પૈસા ધલાઈ જાય છે. આ સ્થિતિને ' औद्योगिक कटोकटी ' કે ' ऊथलपाथल ' (Crisis) કહેવાય. ' आर्थिक उत्पात ' પણ કહેવાય. કોઈ એક ઉદ્યોગમાં પણ આવી કટોકટી આવી શકે—જેમકે મિલઉદ્યોગની કટોકટી.

Parasites બેઠાખાઉ લોકો

જેઓ સીધી કે આડકતરી રીતે ધનની ઉત્પત્તિ કરતા નથી અને બીજાઓએ પેદા કરેલા ધન ઉપર જીવે છે તેવા લોકોને સામ્યવાદીઓ ' बेठाखाउ लोको ' અથવા ' आयतारामो ' કહે છે.

Peasant-proprietorship ખેડૂત-માલકી પદ્ધતિ

જે પદ્ધતિમાં જમીનનો ખેડનાર પોતે જ જમીનનો માલિક હોય અને તેમાં પોતે જે સુધારાવધારા કરે તેનો લાભ તેને જ મળતો હોય તેને ' खेडूत–मालकी पद्धति ' કહેવાય.

Physiocrats નિસર્ગપંથીઓ

અર્થશાસ્ત્રના વિચારકોમાંથી જે મતવાદીઓ માણસની નૈસર્ગિક વૃત્તિઓને આર્થિક વ્યવહારમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપવાના મતના હતા અને જેઓ જમીન પર થતી મહેનતને જ ઉત્પાદક (Productive) માનવાના મતના હતા, તેમને ' निसर्गपंथी ' કહે છે.

Planning આયોજન

દેશની કે કોઈ ધંધાની જરૂરિયાતો અને પરિસ્થિતિનો અગાઉથી વિચાર કરી, ઉદ્યોગધંધાની પદ્ધતિસર યોજના કરવી તેને ' आर्थिक आयोजन ' કહેવાય.

Population વસ્તી

અમુક ગામ કે પ્રદેશ કે દેશમાં વસતા લોકોની સંખ્યા એ તેની ' वस्ती ' કહેવાય. વસ્તીનું પ્રમાણ દર માઈલને હિસાબે જે આવે એ વસ્તીની ' सरासरी घनता ' (Density) કહેવાય.; અને તે ઘનતા સામાન્ય રીતે જેટલી હોવી જોઈએ એ તેની ' इष्ट घनता ' (Optimum Density) કહેવાય.

Power ભૌતિક શક્તિ

વરાળ, વીજળી કે તેલમાંથી પેદા કરવામાં આવતી શક્તિને 'भौतिक शक्ति' કહે છે.

Price કિંમત

કોઈ પણ વસ્તુનું જેટલું મૂલ્ય નાણામાં આંકવામાં આવે તેને તે વસ્તુની 'क्रिमत' કહે છે; અને તે વસ્તુની સામાન્ય રીતે જે કિંમત અપાતી હોય તેને તેની 'सामान्य किंमत' (Normal) કહે છે.

બજારભાવે વસ્તુની જે સામાન્ય કિંમત આંકી શકાતી હોય તેને 'खरी किंमत' (Real Price), અને તે ઉપરાંત વસ્તુ ઉધાર લેવાને લીધે કે બીજા કોઈ કારણથી વધારે કિંમત આપવી પડે અને તેથી એકંદરે જે કિંમત થાય તેને 'देखीती किंमत' કે 'नामनी किंमत' (Nominal Price) કહે છે. એકની એક વસ્તુની જ્યારે જુદા જુદા માણસોને વત્તીઓછી કિંમત આપવી પડે છે ત્યારે 'દેખીતી અને ખરી કિંમત'નો ભેદ પાડી શકાય છે.

જે કિંમત કરતાં વધારે કિંમતે વસ્તુની માગ થતી ન હોય તેને 'मागनी किंमत' (Demand Price), જે કરતાં ઓછી કિંમતે વસ્તુનું વેચાણ પોસાતું ન હોય તેને 'पेदाशनी किंमत' (Supply Price), અને જે કરતાં વધારે કિંમતમાં ઘટાડો થવા છતાં તેની માગણી વધતી ન હોય તેને 'तृप्तिनी किंमत' (Satiety Price) કહે છે. દા. ત. અમુક જાતની પેન્સિલના ચાર આના કરતાં વધારે કિંમત માગવામાં આવે તો લેનાર-વેચનારનો મેળ બેસતો ન હોય અને વેચાણ થતું ન હોય તો ચાર આના એ તે જાતની પેન્સિલની 'मागनी किंमत' કહેવાય; ત્રણ આનાથી ઓછી કિંમતે તે પેન્સિલ વેચવાનું વેચનારને પરવડતું ન હોય તો ત્રણ આના એ તેની 'पेदाशनी किंमत' (Supply Price) કહેવાય; આ

'પેદાશની કિંમત' એ જ ઘણું ખરું 'पडतर किंमत' (Cost Price) હોય છે.

ખરીદનાર ચાર આને જ તે વસ્તુ ખરીદવા તૈયાર હોય અને વધુ આપવા ઇચ્છતો ન હોય તો તે તેની 'अंतिम किंमत' કે 'सीमान्त किंमत' (Marginal Price) કહેવાય; અને એક આનાથી ઓછી કિંમત થવા છતાં પેન્સિલની માગ વધતી ન હોય તો એક આનો તેની 'तृप्तिनी किंमत' કહેવાય. સામાન્ય રીતે કોઈ પણ વસ્તુની તૃપ્તિની હદ બજારમાં જલદી આવતી નથી. અમુક પ્રમાણમાં તે વસ્તુ મળી ગયા પછી વ્યક્તિને તેવી હદ આવી જાય છે. જો કોઈ વસ્તુનો ઉપયોગ હાનિકારક હોય, ધાર્મિક માન્યતાથી વિરુદ્ધ હોય, અથવા પ્રચલિત રિવાજથી વિરુદ્ધ હોય તો તેની તૃપ્તિની હદ જલદી આવે છે. દારૂ જેવી વસ્તુની કિંમત અમુક સમાજમાં ગમે તેટલી ઊતરી જાય તોય તેનો ખપ વધશે નહિ, ત્યારે દૂધ જેવી વસ્તુની તૃપ્તિની હદ સમાજની દૃષ્ટિએ ભાગ્યે જ આવે.

Production ઉત્પત્તિ

માલની પેદાશને 'उत्पत्ति' કહે છે. સંચાઓનો ઉપયોગ અને સૂક્ષ્મ કાર્યવિભાગ (Complex Division of Labour)ને પરિણામે એકી સાથે મોટા પ્રમાણમાં (Large Scale) માલ ઉત્પન્ન કરવામાં આવે તેને 'मोटा पाया पर उत्पत्ति' અને નાનાં ઓજારો વડે હસ્તોદ્યોગ કે ગૃહોદ્યોગથી નાના પ્રમાણમાં (Small Scale) માલ ઉત્પન્ન કરવામાં આવે તેને 'नाना पाया परनी उत्पत्ति' કહે છે.

આ બંને જાતની ઉત્પાદનની પદ્ધતિને અનુક્રમે 'केन्द्रित उत्पादन' (Centralized) અને 'विकेन्द्रित उत्पादन' (Decentralized) પણ કહે છે.

આ રીતે મોટા પાયા પર ખેતી કરવી તેને 'विस्तृत खेती' (Extensive Cultivation) કહેવાય અને થોડી જમીનમાં

વધારે મૂડી અને મજૂરી રોકીને વધારે પાક લેવામાં આવે તેને 'प्रकृष्ट खेती' (Intensive Cultivation) કહેવાય.

વરાળ અને વીજળીની મદદથી ચાલતા મોટા પાયા પરના કેન્દ્રિત (Centralized) ઉદ્યોગો દાખલ કરવા તેને 'उद्योगीकरण' (Industrialization) કહેવાય; અને ઉદ્યોગીકરણ કરવાના વિચારને 'यंत्रोद्योगवाद' (Industrialism) કહેવાય.

માલની ઉત્પત્તિ માટે શરૂઆતમાં સંચા, ઓજારો વગેરે માટે જે ખર્ચ કરવું પડે તેને ઉદ્યોગનું 'आद्यखर्च' (Prime Cost) અને ઉદ્યોગ શરૂ કર્યા પછી તેને ચાલુ રાખવા જે ખર્ચ કરવું પડે તેને 'पुरवणी खर्च' (Supplementary Cost) કહેવાય. 'આદ્ય ખર્ચ' અને 'પુરવણી ખર્ચ' મળીને એકંદરે જે ખર્ચ થાય તેને 'कुल खर्च' કહેવાય. આ રીતે થયેલા કુલ ખર્ચને 'उत्पत्तिनो खर्च' (Cost of Production) કહે છે; અને ઉત્પાદનના કાર્યમાં સીધી કે આડકતરી રીતે એકંદરે જે શ્રમ ખરચવામાં આવ્યો હોય તેને 'एकंदर खर्च' કે 'उत्पत्तिनो आयास' (Expenses of Production) કહે છે. સામાન્ય રીતે ઉત્પત્તિનો 'ખર્ચ' અને 'આયાસ' એક જ હોય છે. પરંતુ સંજોગાનુસાર તેમાં ફેર પડે છે. 'આયાસ'માં ઉત્પત્તિની ક્રિયામાં સીધી કે આડકતરી રીતે વપરાતી મૂડી, મહેનત વગેરે જેટલાં વપરાયાં હોય તેની સાચી આંકણી મૂકીને કિંમત ગણવામાં આવે છે, અને 'ખર્ચ'માં એ માલની 'उत्पत्तिनां अंग' અથવા 'उत्पत्तिनां साधनो' (Factors of Production or Agents or Co-efficients of Production)ની ચાલુ બજારભાવે જે કિંમત થતી હોય તે જ ગણવામાં આવે છે.

Profit નફો

ધંધાની એકંદર આવકમાંથી ભાડું, મહેનતાણું, વ્યાજ અને 'व्यवस्थानो खर्च' (Earnings or Cost of Management)

બાદ કરતાં વેપારી કે ધંધાદારીના જોખમ વગેરે માટે જે રકમ બચત રહે છે તેને 'नफो' કહે છે; અને બજારની કે ઘરાકની અમુક પરિસ્થિતિનો લાભ લઈને હદ ઉપરાંત નફો કરવો તેને 'नफाखोरी' (Profiteering) કહે છે.

કોઈ ધંધામાં માલિક પોતે કામ કરે છે તો કોઈમાં પોતાનું મકાન વાપરે છે. સામાન્ય રીતે મૂડી તો ઘણા માલિકો પોતાની વાપરે છે. એવી સ્થિતિમાં બીજું રોકડ ખર્ચ બાદ કરતાં જે બચે તે બધો માલિકનો નફો ગણાય છે. પણ તે 'काचो नफो' (gross) છે. માલિકનું મહેનતાણું, તેની મૂડીનું વ્યાજ અને ઘરનું ભાડું બાદ કરતાં તેના જોખમ પેટે રહે તે જ 'चोख्खो नफो' (Net) ગણાય. આમ સામાન્ય રીતે નફાનું જે ધોરણ બંધાયું હોય તે 'सामान्य नफो' (Normal) કહેવાય.

Public Debt રાષ્ટ્રીય કરજ (દેવું)

દેશની સરકારને વાર્ષિક ખર્ચમાં ખોટ પડવાથી કે કોઈ નવું પ્રજાકીય કામ કરવાની ખાતર કે લડાઈને અંગે જે દેવું કરવું પડે છે તેને 'राष्ट्रीय करज' કહે છે. તેમાં જે કરજ થોડા વખત માટે કરવામાં આવે તેને 'अस्थायी करज' કે 'कामचलाउ करज' (Fluctuating or Unfunded Debt), અને જે તરત પાછું વાળવાના ઇરાદાથી નહિ, પરંતુ કાયમ માટે કે લાંબી મુદત માટે કરવામાં આવે તેને 'स्थायी करज' કે 'कायमनुं करज' (Permanent or Funded Debt) કહે છે. 'અસ્થાયી કરજ' પાછું વાળવાની સગવડ થયે તરત જ પ્રબંધ કરવામાં આવે છે, ત્યારે સ્થાયી કરજ જો મુદતબંધી હોય તો મુદત પાકચે તેને પાછું આપવાનો પ્રબંધ કરવામાં આવે છે; અને મુદતબંધી ન હોય તો સરકારની અનુકૂળતા પ્રમાણે તે ચૂકવાય છે. કોઈ વખત સરકાર બજારની પરિસ્થિતિનો લાભ લઈ ભારે વ્યાજના કરજનું ઓછા વ્યાજના કરજમાં 'परिवर्तन' (Conversion of

Debt) કરે છે, અને જે લેણદાર 'પરિવર્તન' કરવા ન ઇચ્છતા હોય તેમના કરજની 'चुक्रवणी' (Redemption) કરી દે છે.

Quantity Theory સંખ્યાનો નિયમ

નાણાંની સંખ્યામાં વધઘટ થવાને લીધે નાણાના મૂલ્યમાં, એટલે કે તે વડે વસ્તુઓ ખરીદવાની તેની શક્તિમાં (Purchasing Power) વધઘટ થાય છે, તે નિયમને નાણાનો 'संख्यानो नियम' (Quantity Theory of Money) કહે છે.

Public Finance નાણાશાસ્ત્ર

સરકારી આવક-ખર્ચ, કરજ અને તેને અંગેની વ્યવસ્થા વગેરેનો વિચાર કરનાર શાસ્ત્રને 'राष्ट्रीय जमाखर्च' કે 'नाणाशास्त्र' કહે છે.

Raiyatwari System રૈયતવારી પદ્ધતિ

જે જમીન-મહેસૂલની પદ્ધતિમાં અલગ અલગ ખેતરોની માપણી કરીને, ખેતરવાર મહેસૂલની રકમ નક્કી કરવાની અને ઉઘરાવવાની વ્યવસ્થા, ખેડૂતની સાથે સરકાર સીધી રીતે કરે છે તેને 'रैयतवारी पद्धति' કહે છે; જેમાં મહેસૂલની જવાબદારી આખા ગામ ઉપર હોય છે તેને 'महालवारी पद्धति' કે 'ग्रामपंचायत पद्धति' (Village Community System) કહે છે; અને જેમાં ખેડનાર ખેડૂતો સાથે નહીં, પરંતુ જમીનના માલિક ગણાતા મોટા જમીનદારો સાથે સરકાર સીધો સંબંધ રાખે છે તેને 'जमीनदारी पद्धति' (Zamindari) કહે છે.

જમીનના માલિક જમીન જાતે ખેડે અગર તો ભાગે, સાંથે કે પટાથી ખેડૂતને વાવવા આપે, એમ જુદી જુદી રીતે જમીન પર ખેડહક ધારણ કરવાની પદ્ધતિને 'खेडहक पद्धति' (Land Tenure) કહેવાય.

Rebate (Abatement) વળતર

કોઈની પાસેથી લીધેલી રકમમાંથી જે રકમ પાછી આપવામાં આવે છે તેને 'વળતર' કહે છે. કેટલીક કંપનીઓ જથુની ઘરાકી બાંધવા માટે ઘરાકને બજારભાવે અમુક કામ કરી આપે છે અને તેની પાસેથી લીધેલી રકમમાંથી થોડી રકમ ઘરાકના નામે જમા રાખે છે અને અમુક વખત પછી તેને તે પાછી આપે છે. તે દરમિયાન જો ઘરાક બીજી કંપની સાથે સંબંધ બાંધે તો જમા રાખેલી રકમ પાછી આપવામાં આવતી નથી. આ પદ્ધતિને ખાસ કરીને 'વળતર પદ્ધતિ' (Rebate System) કહે છે. સરકાર પણ કેટલીક વખત લીધેલા વેરામાંથી અમુક વેરો વળતર તરીકે પાછો આપે છે.

Rent સાંથ

જમીનની ફળદ્રુપતાના બદલામાં જમીનનાં માલિકને થતી આવકને 'સાંથ' અથવા 'ગણોત' કહે છે. તેને 'ભાડું' કહેવું હોય તો 'જમીન-ભાડું' કહેવું જોઈએ, કારણ કે 'ભાડું' શબ્દ ચીજો ભાડે આપવાથી થતી આવકને માટે અને ઘરના ભાડા માટે પણ વપરાય છે.

ખેડૂત જમીનદારને જે સાંથ આપે છે અને પોતે માલિક હોય તો પોતાને જે સાંથ મળે છે તેમાં ઘણી વખત ફેર હોય છે. ખેડૂત માલિક હોય તો, ખેતરની એકંદર ઊપજમાંથી પોતાનું મહેનતાણું અને પેદાશનું ખર્ચ બાદ કરે, ત્યાર પછી જે બચત રહે તે 'ખરી સાંથ' (Economic Rent) કહેવાય છે. આ 'ખરી સાંથ' કરતાં જમીનદારની સાંથ વધુ હોવી ન જોઈએ.

કેટલીક વખત જમીનના માલિકને ખેતર ઉપરનાં મકાન અને એવા કાયમના અગાઉ થયેલ સુધારાને અંગે પણ આવક થાય છે, તેને 'સાંથરૂપી આવક' (Quasi-Rent) કહી શકાય; તેવી જ રીતે સંચાઓ કે એવી સ્થાવર મિલકત, જેમાં મૂડી રોકાઈ ચૂકી હોય અને અને જેમાંથી થતી આવકનો આધાર માગણીના વધારા-ઘટાડા ઉપર

હોય, તેમાંથી થતી આવકને પણ 'સાંથરૂપી આવક' ગણી શકાય. આ શબ્દ, જે વસ્તુની જોગવાઈ અગર છત નિશ્ચિત હોય અને જેમાંથી થતી આવકનો આધાર બજારની માગ ઉપર હોય અને તેથી આવકમાં વધારો થતો હોય ત્યાં વપરાય છે. તે ટૂંકા સમયની આવકને જ લાગુ પડે છે; એટલે કે માગમાં વધારો થયા પછી, નવા ફેરફારો અમલમાં આવે તે ગાળામાં થતી આવકને માટે જ વપરાય છે.

Rent of Abillity (Personal Rent)
આવડતનો નફો

વેપારી અગર કારખાનદારને, સંચા કે મૂડી વગેરેની સગવડને લીધે નહિ, પરંતુ પોતાની વિશિષ્ટ વ્યવસ્થાશક્તિ અને ખાસ આવડતને લીધે નફો થાય તેને 'आवडतनो नफो' કહેવાય.

Representative Firm લાક્ષણિક પેઢી (કારખાનું)

જે પેઢીમાં સામાન્ય માણસો કામ કરતા હોય, નાણાં સંબંધી સ્થિતિ વગેરે સામાન્ય હોય, આવક અને કામ કરવાની પદ્ધતિ પણ સામાન્ય હોય, એટલે કે જેમાં તે ધંધો કરતી બીજી પેઢીઓનાં સામાન્ય લક્ષણો મળી આવતાં હોય તેને 'सामान्य पेढी' અથવા 'लाक्षणिक पेढी' (કારખાનું) કહી શકાય.

Return મળતર

મૂડી અને મજૂરીના રોકાણના બદલામાં ઉદ્યોગધંધામાંથી જે આવક થાય તેને 'मळतर' કહે છે. આ મળતર રોકાણના પ્રમાણમાં વધ્યે જાય તેને 'वघतुं मळतर' (Increasing Return), અને ઘટચે જાય તેને 'घटतुं मळतर' (Diminishing Return), અને સરખું જ રહે તેને 'सरखुं मळतर' (Constant Return) કહી શકાય. કોઈ ઉદ્યોગમાં પાંચ હજાર રૂપિયા રોકવાથી જેટલું મળતર થાય, તે જ પ્રમાણમાં દસ હજાર રોકવાથી મળતર થતું હોય તો તે 'સરખું મળતર' કહેવાય. તે જ પ્રમાણે ઘટતા અને વધતા મળતર વિષે કહી શકાય.

Sabotage ભાંગફોડ

કેટલીક વખત કામદારો માલિકોને નુકસાન કરવાની ખાતર સંચાઓ કે માલ ઇરાદાપૂર્વક બગાડી નાખે છે. આવી રીતને 'भांगफोड-पद्धति कहेवाय.

Share શૅર

ભાગીદારી (Partnership) પેઢીઓ કે કંપનીમાં, કંપનીના દેવા માટે દરેક ભાગીદાર પૂરેપૂરો જવાબદાર ગણાય છે, ત્યારે 'मर्यादित जवाबदारीवाळी कंपनीमां' (Limited Company) દરેક હિસ્સેદાર પોતાના હિસ્સા કે 'शॅर' (Share) પૂરતો જ જવાબદાર ગણાય છે. તેવી કંપનીમાં જેના જેટલા શૅર તેટલી તેની જવાબદારી ગણાય.

આ શૅરના ત્રણ મુખ્ય પ્રકાર છે: (૧) 'सामान्य' (Ordinary), (૨) 'व्याजधारी' (Preferrential), (૩) 'आखरी नफाधारी' (Deferred). સાધારણ શૅર પર દર વરસે નક્કી થાય તે પ્રમાણે 'नफो' (Dividend) વહેંચાય છે. વ્યાજધારી શૅર પર અગાઉથી નક્કી કર્યા પ્રમાણે જ વ્યાજ મળે છે, અને કોઈ વરસે વ્યાજ ન અપાયું હોય તો કંપની જ્યારે આપી શકે ત્યારે ભેગું કરીને આપે છે. આ બંને શૅરવાળાને આપ્યા પછી જે વધે તે ત્રીજાવાળાને હિસ્સે જાય છે. નફો ઓછોવત્તો વહેંચાય તે અનુસાર બજારમાં તે તે શૅરના ભાવમાં તેના મૂળ ભાવ કરતાં 'घटाडो' (Discount) અગર 'वधारो' (Premium) બોલાય છે.

કંપનીની મિલકત ઉપર ગીરવી શૅર પણ કાઢવામાં આવે છે. તેને 'गीरवी शॅर' (Bond, Debenture) કહેવાય.

Sinking Fund અનામત ફંડ

સંચાઓ અને એવી સ્થાવર મિલકત, જે અમુક વખતને આંતરે સુધારવી પડતી હોય કે નવી લાવવી પડતી હોય, તેના ઘસારાની ખોટ પૂરવા માટે જે ફંડ એકઠું કરવામાં આવે છે તેને 'घसारा फंड'

(Depreciation Fund) કહે છે; અને વ્યાજે લીધેલી રકમ અમુક મુદત પછી પૂરેપૂરી અપાઈ રહે તે માટે જે ફંડ એકઠું કરવામાં આવે છે તેને 'अनामत फंड' (Sinking Fund) કહે છે.

Social Democracy સમહિત સમાજવ્યવસ્થા

જે સમાજવ્યવસ્થામાં દરેક પ્રજાજનના હક સરખી રીતે જળવાતા હોય, પ્રગતિ કરવા માટે દરેકને સરખી તક મળતી હોય, અને કોઈની પ્રગતિમાં સ્વાર્થી માણસોને આડે આવવા અવકાશ ન હોય તેવી વ્યવસ્થાને 'समहित समाजव्यवस्था' કહી શકાય.

Socialism સમાજવાદ

ન્યાયના ધોરણ પર હાલની ઔદ્યોગિક પદ્ધતિ રચવા માટે, દેશના ઉદ્યોગોની માલકી અને વ્યવસ્થા સમાજને અગર સમસ્ત પ્રજા કે રાષ્ટ્રને હસ્તક હોવાં જોઈએ એવા મતને 'समाजवाद' કહે છે. આમાં રાજ્યના એકતંત્ર હેઠળ ઉદ્યોગ-વ્યવસ્થા કરવાનો ઇરાદો હોય છે. તેથી આ મતને બીજી રીતે 'समूहवाद' (Collectivism) કહેવામાં આવે છે.

કેટલાક સમાજવાદીઓ હાલની મૂડીવાદી (Capitalist) અર્થરચનામાં ધીમે ધીમે ફેરફાર કરીને, રાજકીય સત્તા હપતે હપતે મેળવીને આ સ્થિતિ લાવવા માગે છે, ત્યારે કેટલાક ક્રાન્તિથી જ તેમ થઈ શકે એમ માને છે. પહેલા મતને 'विकासी समाजवाद' (Evolutionary) કહે છે. તેને મળતો ઇંગ્લંડમાં 'फेबियन समाजवाद' (Fabian Socialism) છે. બીજા મતને 'क्रान्तिवादी समाजवाद' (Revolutionary) કહે છે. તેનો પ્રથમ ફેલાવો કાર્લ માર્ક્સે કર્યો, તેથી તેને 'मार्क्सवाद' (Marxism) પણ કહે છે; અને તેના અનુયાયીઓએ રશિયામાં જે રીતના સમાજવાદનો પ્રચાર કર્યો તેને 'बॉल्शेविझम' (Bolshevism) કહે છે.

સમાજવાદના વિચારો જુદા જુદા માણસો જુદી જુદી રીતે અમલમાં મૂકવા માગે છે, અને તેથી તેમની નિરનિરાળી વિચાર-પદ્ધતિ પ્રમાણે તેના ઘણા વિભાગો પડી ગયા છે.

ચુસ્ત ખ્રિસ્તીઓ બાઇબલના ઉપદેશ અનુસાર, ખાનગી મિલકતની પ્રથામાં ફેરફાર કર્યા સિવાય, માણસમાં આંતરિક સુધારો કરીને, સમાજમાં ઐક્ય અને શાંતિ સ્થાપવાના ઇરાદાથી, સહકાર–પ્રવૃત્તિ (Co-operative Movement) વગેરે દ્વારા જે પ્રચાર કરે છે તેને 'खिस्ती समाजवाद' (Christian Socialism) કહે છે.

હાલની સમાજ–વ્યવસ્થા ચાલુ રાખીને, દેશના મોટા અને પાયારૂપ ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ (Nationalization) કરવાની હિલચાલને 'राष्ट्रीय समाजवाद' (State Socialism) કહે છે.

જુદા જુદા ઉદ્યોગોનાં ઔદ્યોગિક મંડળોના એકત્ર બંધારણથી ઉદ્યોગો ચલાવવા, તે તંત્ર રાજકીય (Political) તંત્રથી બને તેટલું સ્વતંત્ર રાખવું, અને તે રીતે ઔદ્યોગિક અને રાજકીય એવાં બે તંત્રો દ્વારા દેશનો વ્યવહાર ચલાવવો, એ મતને ઇંગ્લંડમાં 'महाजन समाजवाद' (Guild Socialism) કહે છે. આ મતના વિચારકો ક્રમે ક્રમે પોતાના ધ્યેયને પહોંચવા માગે છે. આને મળતા વિચારકો ફ્રાન્સમાં છે, પરંતુ તેઓ કામદારોની એકત્ર હડતાળ પાડીને પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માગે છે અને ભવિષ્યની સમાજરચનામાં રાજતંત્રને મહત્ત્વ આપવા નથી માગતા, પણ स्वैरवाद (Anarchism)ના સિદ્ધાંતોને અનુસરવા માગે છે. તેમના મતને 'औद्योगिक संघवाद' (Syndicalism) કહી શકાય. તે મતના અનુયાયીઓ ઇંગ્લંડમાં પણ છે, તેમને 'औद्योगिक संघवादी' (Industrial Unionists) કહે છે. તેઓ 'महाजन समाजवादीओ' (Guild Socialists)થી ઉપર બતાવ્યા પ્રમાણે જુદા પડે છે.

કાર્લ માર્ક્સ પહેલાં રોબર્ટ ઓવન, સેન્ટ સાયમન, અને ફુરીઅર જેવા વિચારકોએ જે સમાજવાદી વ્યવસ્થાની હિમાયત કરી

હતી તેને 'तरंगी समाजवाद' (Utopian Socialism) કહેવામાં આવે છે. સાધારણ રીતે જે વિચારો ટીકાકારની દૃષ્ટિએ અવ્યવહારુ લાગે તેને 'તરંગી' (Utopian) કહેવામાં આવે છે. એ રીતે પછીના શાસ્ત્રીય (Scientific) વિચારકોની દૃષ્ટિએ અગાઉના વિચારકોના મતને 'તરંગી' ગણવામાં આવે છે.

ફક્ત કામદારવર્ગની ઉન્નતિ ધ્યાનમાં રાખીને સમાજરચના કરવી ન જોઈએ, પરંતુ સમાજના બધા વર્ગની ઉન્નતિ ધ્યાનમાં રાખવી જોઈએ, એ મતને 'आदर्श समाजवाद' (Integral or Ideal Socialism) કહેવામાં આવે છે.

સમાજવાદીઓની પેઠે હાલની ઔદ્યોગિક રચના ઉથલાવી નાખવાને બદલે, મૂડીદારો અને કામદારો વચ્ચેનો સંબંધ પરસ્પર સહાયકારી અને સંપમય કરવો જોઈએ, અને વ્યક્તિસ્વાતંત્ર્ય પર થોડો ઘણો અંકુશ મૂકીને પણ સમસ્ત પ્રજાનું હિત સાધવું જોઈએ, એ મતને 'संगठनवाद' (Solidarism) કહેવામાં આવે છે.

સમાજવાદીઓના મત મુજબ ફક્ત ઉદ્યોગોની માલકી અને વ્યવસ્થા પ્રજાહસ્તક હોવાં જોઈએ એમ નહિ, પણ કોઈ વસ્તુની ખાનગી માલકી મુદ્દલ ન જોઇએ અને વ્યક્તિગત વપરાશની વસ્તુઓ પણ પ્રજાહસ્તક રહેવી જોઈએ; એટલે કે, દરેક કામ સરખાપણાના સિદ્ધાંત મુજબ થવું જોઈએ અને વપરાશની વસ્તુઓ દરેકને જરૂરિયાત મુજબ વહેંચી આપવી જોઈએ; તેમાં કોઈ પ્રકારની માલકીનો હક હોય નહિ; આ મતને 'साम्यवाद' (Communism) કહેવામાં આવે છે. રશિયન સમાજવાદને પણ 'સામ્યવાદ' કહેવામાં આવે છે, પણ ખરી રીતે તે ઉપર દર્શાવેલો 'સમાજવાદ' કે 'માર્કસવાદ' છે. આ શબ્દોના અર્થ અવારનવાર બદલાયા કરે છે.

Statistics આંકડાશાસ્ત્ર

જનસમાજ અગર કુદરતને લગતી વસ્તુઓની ગણતરી અને પૃથક્કરણ કરનાર શાસ્ત્રને 'आंकडाशास्त्र' કહે છે. અંગ્રેજીમાં આ શબ્દ 'આંકડા'ના અર્થમાં પણ વપરાય છે.

Sterling પાઉંડ; સ્ટર્લિંગ

ઇંગ્લંડના કાયદેસર મુખ્ય ચલણને 'पाउंड' કે 'स्टर्लिंग' કહે છે.

Strike હડતાળ

અમુક વ્યક્તિઓનો સમૂહ, કોઈ પ્રસંગે વિરોધ દર્શાવવા ખાતર, કે કોઈ ઇરાદો પાર પાડવાના ઉદ્દેશથી, કે કોઈ પણ કારણસર દરરોજનું કામકાજ બંધ કરે તેને 'हडताळ' કહે છે. તેના જવાબમાં, સામા પક્ષવાળાઓ હડતાળિયાઓને કામ નહિ આપવાની કે પગાર નહિ આપવાની વગેરે ધમકી આપીને, પોતાનું કામ કે કારખાનાં બંધ કરે તેને 'कामबंधी' (Lock-out) કહી શકાય.

Substitution બદલી

અમુક વસ્તુ કરતાં બીજી વસ્તુની તેની કિંમતની સરખામણીમાં ઉપયોગિતા વધારે હોય, અને તેથી પ્રમાણમાં વધારે ઉપયોગિતાવાળી વસ્તુ પસંદ કરવામાં આવે, અથવા માલના ઉત્પાદનમાં એક વસ્તુ કરતાં બીજી વસ્તુ, તેની કિંમતના પ્રમાણમાં વધારે ઉત્પાદક હોવાથી પસંદ કરવામાં આવે, એને 'बदली' કહેવાય. જેમ કે દિવેલને બદલે ઘાસલેટનો વપરાશ, અગર હસ્તયંત્રને બદલે શક્તિયંત્રનો ઉપયોગ.

Tax કર

સરકારી ખર્ચ માટે વ્યક્તિ કે સમુદાય પાસેથી ફરજિયાત જે હિસ્સો લેવામાં આવે છે, તેને 'कर' અથવા 'वेरो' કહે છે. જે કરમાં કર આપનાર માણસ ઉપર જ કરનો બોજો પડતો હોય, એટલે કે કર ખરી રીતે તેના જ ખિસ્સામાંથી આવતો હોય, તેને 'सीधो कर' અથવા 'प्रत्यक्ष कर' (Direct) કહે છે; અને જેમાં ખરી રીતે કરનો બોજો બીજા કોઈ ઉપર પડતો હોય, એટલે કે કર ભરનાર વ્યક્તિ કરતાં કરનો બોજો સહન કરનાર વ્યક્તિ જુદી હોય, તેને 'आडकतरो कर' અથવા 'परोक्ष कर' (Indirect) કહે છે. દા. ત. આવકવેરો એ પ્રત્યક્ષ કર ગણાય છે ત્યારે માલ પરની જકાત એ પરોક્ષ કર ગણાય છે.

જે કરના દરનું પ્રમાણ કર નાખવાની રકમ જેમ વધતી જાય તેમ વધતું હોય, તેને 'वर्धमान कर' (Progressive), અને જેમાં દરનું પ્રમાણ ઘટતું જાય તેને 'ह्रीयमान कर' (Regressive) કહેવાય; જેમાં નાની મોટી દરેક રકમમાંથી અમુક રકમ બાદ કરીને જ તે ઉપરાંતની રકમ પર કર નાખવામાં આવતો હોય તેને 'नियतमाफी कर' (Degressive) કહેવાય; જેમાં કરના દરનું પ્રમાણ એક-સરખું જ હોય, પરંતુ મોટી રકમના પ્રમાણમાં, પ્રમાણસર વધારે કર લેવાતો હોય તેને 'प्रमाणसर कर '(Proportional) કહેવાય; અને જેમાં નિયમસર વધતા અથવા ઘટતા પ્રમાણથી કર નાખવામાં આવે તેને 'क्रमिक कर' (Graduated) કહેવાય. દા. ત. રૂ. ૧૦૦૦ની આવક ઉપર ૨ ટકા અને રૂ. ૫૦૦૦ની આવક ઉપર ૩ ટકા કર નાખવામાં આવે તેને 'વર્ધમાન કર', ૧૦૦૦ ને ૫૦૦૦માંથી ૫૦૦જેવી એકસરખી રકમ નાની મોટી બધી રકમમાંથી બાદ કરીને કર નાખવામાં આવે તેને 'નિયતમાફી કર', ૧૦૦૦ ને ૫૦૦૦ ઉપર બે ટકાના સરખા જ દરથી કર નાખવામાં આવે તેને 'પ્રમાણસર કર', અને ૧૦૦૦ ને ૫૦૦૦ ઉપર જે પ્રમાણ અનુસાર કર નાખવામાં આવે તે જ પ્રમાણ આગળ બીજી રકમો ઉપર પણ લાગુ પાડવામાં આવે તેને 'ક્રમિક કર' કહેવાય.

વાર્ષિક આવક ઉપર જે વેરો લેવામાં આવે છે તેને 'आवक-वेरो' (Income-Tax), અને વાર્ષિક પચીસ હજાર કરતાં વધારે આવક-વાળા પાસેથી આવકવેરા ઉપરાંત જે વેરો લેવામાં આવે છે તેને 'विशेष आवक वेरो' (Super-Tax) કહે છે. આ ઉપરાંત જેમને વાર્ષિક રૂ. ૩૬ હજારથી વધારે નફો થયો હોય તેમની પાસેથી ઠરેલા ધોરણ પ્રમાણે 'વિશેષ નફા વેરો' (Excess Profit-Tax) લેવામાં આવે છે.

મૂડીદારો પાસેથી તેમની મૂડીના અમુક ટકા ઉઘરાવવામાં આવે તેને મૂડીની 'उघरात' (Capital Levy) કહેવાય. આ જ પ્રમાણે

સરકાર ખેડૂતો પાસેથી અનાજ કે પાકની 'ઉઘરાત' પણ કરે છે. તે બદલ પૈસા આપે કે નહિ તે મહત્ત્વનું નથી, પણ 'ઉઘરાત' ફરજિયાત હોય છે. મૂડીની ઉઘરાતમાં પાછું આપવાપણું હોતું નથી.

સરકાર જમીન ઉપર જે વેરો લે છે તેને 'जमीन महेसूल' કે 'विघोटी' (Land Revenue) કહે છે.

સરકારના કોઈ કામને લીધે મિલકતને ફાયદો થતો હોય, તે મિલકતવાળા પાસેથી તેને થયેલા ફાયદાના પ્રમાણમાં વધારે વેરો લેવામાં આવે તેને 'सुधारणा–वेरो' (Betterment Tax) કહે છે.

જેના ઉપર કર નાખવાનો હોય, તેની ગણતરી કે માપણી વગેરે કરીને કરનું ધોરણ નક્કી કરવું તેને 'करनी आंकणी' કે 'आकारणी' (Assessment) કહે છે. દા. ત. જમીન ઉપર કર નાખવા માટે જમીનની માપણી વગેરે કરીને મહેસૂલની આકારણી કરવામાં આવે તે.

કર નાખવાથી થતી અસરને 'करसंपात' (Incidence), અને કરનો બોજો જેના ઉપર પડતો હોય તે બોજો બીજા કોઈ ઉપર ખસેડવો તેને 'करसंपातनी बदली' (Shifting of the Incidence) કહે છે. દા. ત. સિનેમા ઉપર કર નાખવાથી જે અસર થાય તેને 'કરસંપાત', અને તે કરનો બોજો માલિક ઉપરથી ઘરાકો ઉપર કે ઘરાકો ઉપરથી માલિકો ઉપર ખસેડવામાં આવે તેને 'કરસંપાતની બદલી' કહેવાય.

તેમાં બોજો ગમે તેના પર પડે પણ માલિકો કર ભરતા હોય તો તેઓ 'कर देनार' (Impact of the Tax) કહેવાય.

કરની રકમ સાંથ, નફો વગેરે જે જાતની આવકમાંથી ખરી રીતે આવતાં હોય તેને 'करनुं मूळ' (Source), કરનો બોજો ખરી રીતે જેના ઉપર પડતો હોય તેને 'कर वहनार' (Subject), અને કર જે વસ્તુ ઉપર નાખવામાં આવે તેને 'करनुं पात्र' (Object) કહેવાય. દા. ત. દારૂ ઉપર કર નાખવામાં આવે તો દારૂ એ 'કરનું પાત્ર', કરનો બોજો સહન કરનાર માલિકો કે ઘરાકો એ 'કર વહનાર',

અને એ કર જે જાતની આવકમાંથી વસૂલ થતો હોય તેને 'કરનું મૂળ' કહેવાય.

કર ઉઘરાવવાનું કોઈને ઊધડું સોંપી દેવામાં આવે તેને 'करनो इजारो' કે 'वसूलातनो इजारो' (Farming of Taxes) કહેવાય.

Trade વેપાર

માલની આપ-લેના વ્યવહારને 'वेपार' (Trade) કહે છે. વેપાર દેશની અંદરોઅંદર તેમ જ દેશની બહારનો હોય છે. અંદરના વેપારને 'आंतरिक वेपार' (Internal Trade) અને બહારના વેપારને 'बाह्य वेपार' કે 'आंतरराष्ट्रीय वेपार' (External or International Trade) કહે છે. બે દેશો વચ્ચેના બાહ્ય વેપારને 'द्विदेशी वेपार' (Bilateral Trade) અને ઘણા દેશો સાથેના બાહ્ય વેપારને 'अनेकदेशी वेपार' (Multilateral Trade) કહે છે.

વેપારીઓ કે ધંધાદારીઓ પોતાના ધંધાનું જોખમ ઓછું કરવા ભવિષ્યના જોખમ માટે 'वीमो' (Insurance) ઉતરાવે છે અને જોખમને ઘણાં વરસોના ગાળામાં વહેંચી નાખે છે. અગર 'बदलानो वेपार' (Hedging) કરીને જોખમ આવરી લે છે. વીમો ઉતરાવે એટલે નક્કી કરેલા હપતા ભરવા પડે અને નુકસાન થાય ત્યારે અગર અમુક મુદત પછી નક્કી કરેલી રકમ પાછી મળે. 'બદલાના વેપાર' માં આંબાની ખાધ મહુડાથી પૂરવા જેવું થાય છે. કોઈ લોટવાળાએ અમુક તારીખે અમુક લોટ આપવાનું કબૂલ્યું હોય તો તે તેટલા જ ઘઉં તે તારીખને વાયદે ખરીદી રાખે છે, જેથી ઘઉં મોંઘાસસ્તા થાય તો તે પોતાનું નુકસાન એકબીજામાંથી ભરપાઈ કરી શકે છે. આમ કોઈ ધંધાને અર્થે નહિ પણ ખાલી કાગળ ઉપર જેઓ માલની લે-વેચ કરે છે અને વાયદાની મુદત થતાં, ભાવ પ્રમાણે સોદો ખંડી વાળીને, નફો નુકસાન વહેંચી લે છે, તેઓ 'सट्टो' (Speculation) કરે છે એમ કહેવાય.

Trade Bill વેપારી હૂંડી

વેપાર અંગે કરવાની લેવડ-દેવડને અંગે હૂંડી આપવામાં આવે તેને 'वेपारी हूंडी' કહે છે. હૂંડી માલની કુલ રકમને અંગે હોય ત્યારે માલની વિગત દર્શાવતો આંકડો આપવામાં આવે તેને 'भरतियुं' (Invoice) કહે છે. માલ પરદેશ ચડાવ્યો હોય તો વહાણમાં અમુક માલ ચડાવ્યાની જે રસીદ હોય તેને 'वहाण रसीद' (Bill of Lading) કહે છે.

Trade Unions કામદાર સંઘો

કામ અને પગાર વગેરે સંબંધી ધંધાને લગતી બાબતો સુધારવાના હેતુથી કોઈ ધંધાના કામદારો કે ધંધાદારીઓ મંડળ ઊભું કરે તેને 'कामदार संघ,' 'मजूर महाजन,' કે અમુક ધંધાદારી મંડળ કે 'महाजन' કહેવામાં આવે છે.

Trust ટ્રસ્ટ

એક જાતના ઘણા ઉદ્યોગોનું 'एकीकरण' (Integration, Combination) કરીને મોટું ઔદ્યોગિક કે વેપારી મંડળ ઊભું કરવામાં આવે તેને અમેરિકામાં 'ट्रस्ट' કહે છે. જર્મનીમાં આવાં મહામંડળોને 'कार्टेल' (Kartell) કહે છે. તેને સામાન્ય રીતે (Combines) પણ કહે છે. તેને આપણે સાથી 'उद्योगोनुं महामंडळ' કે 'समवाय' કહી શકીએ. ઉદ્યોગોનું આવું એકીકરણ બે જાતનું હોય છે : (૧) समान-उद्योगी (Horizontal), (૨) सळंग-उद्योगी (Vertical). દા. ત. કાપડની ઘણી મિલોનું એકીકરણ થાય તે સમાન-ઉદ્યોગી એકીકરણ કહેવાય; અને તે ઉદ્યોગની આગળ-પાછળ જોડાયેલા સર્વે સહવર્તી ઉદ્યોગો (જેવા કે જિનો વગેરે)નું એકીકરણ થાય તે સળંગ-ઉદ્યોગી એકીકરણ કહેવાય.

આ રીતે ઉદ્યોગોનું એકીકરણ કરીને યંત્રોનો ઉપયોગ વધારવો અને થોડા મજૂરો પાસેથી વધારે કામ લેવાની વ્યવસ્થા કરવી તેને 'यंत्रीकरण' (Rationalization) કહેવાય.

Under-Writers કડદા કરનાર

કેટલાક વેપારીઓ કે નાણાંપતિઓ કડદો કરીને સ્વતંત્ર કિંમતે કંપનીઓના શૅર કે માલ ખરીદી લે છે અને પછી પોતાના જોખમે વેચે છે તેમને 'कडदा करनार' કહેવાય.

Unemployment બેકારી

ઉદ્યોગની મંદીને લીધે કે એવા કોઈ કારણથી, અમુક પ્રકારના કામ કરનારાઓની સંખ્યા જરૂર કરતાં વધારે થઈ જવાથી, જ્યારે માણસોને પોતાના ચાલુ ધોરણે કમાવા માટે અનુકૂળ કામ ન મળે તેને 'बेकारी' કહે છે; અને ચાલુ કામ કરતાં છતાં તેમાં પૂરતું કામ ન મળતું હોય અગર અમુક અમુક વખત છૂટક છૂટક કામ વગરના બેસી રહેવું પડતું હોય તેને 'अर्ध-बेकारी' (Semi-unemployment) કહે છે.

Utility ઉપયોગિતા

વસ્તુની, માનવી જરૂરિયાતોને પૂરી પાડવાની શક્તિને 'उपयोगिता' કહે છે. વસ્તુની વપરાશના પ્રમાણમાં ઉપયોગિતા વધતી હોય એને 'वधती उपयोगिता' (Increasing Utility), અને ઘટતી હોય તેને 'ऊतरती उपयोगिता' (Diminishing Utility) કહે છે. જેમ કે કેરીના વધારે વપરાશથી ઉપયોગિતા વધે અથવા ઘટે તે.

પાણી અને હવા જેવા કુદરતી ધનની ઉપયોગિતાને 'मफत के अमूलक उपयोगिता' (Gratuitous) કહેવાય.

वस्तुनी खरी उपयोगिता (Effective Utility — માગ અને છતને ધોરણે જે ઉપયોગિતા થાય તે) અને वापरनारनो संतोष-विशेष (Consumer's Surplus — સામાજિક અનુકૂળતાને લીધે કિંમતના પ્રમાણમાં વાપરનારને જે વધારાની ઉપયોગિતા મળે તે) મળીને वस्तुनी कुल उपयोगिता (Total Utility) થાય છે.

વસ્તુની જે કિંમત કરતાં વધુ કિંમત આપતાં ખરીદનારનું મન અચકાતું હોય, એટલે કે જે કિંમત કરતાં વધુ કિંમત આપવા ખરીદ-

નાર તૈયાર ન હોય, તેને તે ખરીદનાર પરત્વે તે વસ્તુની 'अंतिम उपयोगीता' કે 'सीमान्त उपयोगिता' (Marginal or Final Utility) કહેવાય. ખરીદનાર સમૂહમાંથી સીમાન્ત ખરીદનારની સીમાન્ત ઉપયોગિતાની બરાબર બજારકિંમત ગોઠવાય. દા. ત. કોઈ જગ્યાએ જવા માટે ગાડીવાળાને આઠ આનાથી વધારે રકમ આપતાં મન અચકાતું હોય અને આઠ આનાથી વધારે તો ન જ અપાય એમ મનમાં થતું હોય તો આઠ આના એ તે વખતના ગાડીના ઉપયોગની અંતિમ અગર સીમાન્ત ઉપયોગિતા કહેવાય.

Value મૂલ્ય

વસ્તુનો ઉપયોગ અને તેને પેદા કરવામાં પડતી મહેનત ઉપરથી, બીજી વસ્તુઓની સાથે તેનો જે ધોરણે અદલોબદલો થઈ શકે તેને તેનું 'मूल्य' કહેવાય. એટલે મૂલ્ય એ અમુક વસ્તુનું બીજી વસ્તુ સાથેનું અદલાબદલીનું પ્રમાણ છે.

વસ્તુ પાછળ થયેલા ખર્ચ મુજબ તેનું જે મૂલ્ય થાય તેને 'खरुं मूल्य' (Real Value) કહેવાય. કોઈ કારણસર આ મૂલ્ય કરતાં વધારે કે ઓછું મૂલ્ય અંકાય એને 'नामनुं मूल्य' (Nominal Value), અને તેનું સામાન્ય રીતે જે મૂલ્ય થતું હોય તેને 'सामान्य मूल्य' (Normal Value) કહેવાય.

વસ્તુ પેદા કરવામાં થતા ખર્ચ ઉપરથી જે મૂલ્ય નક્કી કરવામાં આવે તેને 'विनिमयापेक्षी मूल्य' (Objective Value), વસ્તુના ઉપયોગ ઉપરથી જે મૂલ્ય નક્કી કરવામાં આવે તેને 'उपयोगापेक्षी मूल्य' કે 'उपयोगमूल्य' (Subjective or Utility Value), અને વસ્તુ પેદા કરવા માટે જરૂરી સામાજિક મહેનત ઉપરથી જે મૂલ્ય નક્કી કરવામાં આવે તેને 'श्रममूल्य' (Labour Cost Value) કહેવાય. માર્કસવાદીઓ એમ માને છે કે, બધી સંપત્તિ માનવી મહેનતનું જ પરિણામ છે, કારણ જમીન કુદરતી છે. તેની ખરીદમાં અને ઉદ્યોગમાં રોકાતી મૂડી એ તો કામદારોને ચૂસીને મૂડી-

દારોએ ભેગી કરેલી હોય છે. એટલે કે મૂડી એ તો ભૂતકાળના શ્રમનું પરિણામ છે કે જેના ઉપર, મૂડીદારો પ્રમાણમાં ઘણો ઓછો શ્રમ કરીને મોજશોખ ભોગવે છે અને કામદારોને ચૂસવાની પરંપરા ચલાવે છે. આ રીતે કોઈ પણ વસ્તુનું મૂલ્ય 'શ્રમમૂલક' છે અને મહેનત કરનારા જ વસ્તુની પેદાશમાંથી થતી આવકના ખરા હકદાર છે એમ તેમનું કહેવું છે. આ કથનમાંથી ફલિત એ થાય છે કે, ઉત્પન્નની બધી આવક કામદારોને ન આપતાં, તેમને થોડી નિભાવપૂરતી રકમ આપીને, બાકીની જે રકમ મૂડીદારો પોતાના ખિસ્સામાં મૂકે છે તે 'मूल्यनो वधारो' (Surplus Value) કહેવાય. આનો અર્થ એ થયો કે, કામદાર આઠ કે નવ કલાક કામ કરે છે ત્યારે તેના નિભાવ-ખર્ચ માટે એટલી મહેનતની જરૂર ન પડે. તેને ઓછા કલાકની મજૂરી ચૂકવીને બાકીનું વધારાના કલાકનું ઉત્પન્ન મૂડીદારો લે છે. એ રીતે જે કામ માટે કામદારને બદલો ન મળે તે 'મૂલ્યનો વધારો' મૂડીદાર લઈ લે છે એવી ઉપરના વિચારની કલ્પના છે.

Wants જરૂરિયાતો

માણસને જે વસ્તુઓની જરૂર લાગતી હોય તેને 'जरूरियातो' કહે છે. શરીર અને મનની શક્તિઓને સારી રીતે ટકાવી રાખવા જે વસ્તુઓની જરૂર લાગતી હોય તેને 'आवश्यक जरूरियातो' કે 'प्राथमिक जरूरियातो' (Necessaries or Primary Wants), સગવડ કે આરામની ખાતર જે વસ્તુઓની જરૂર લાગતી હોય તેને 'आरामी जरूरियातो' (Comforts), સમાજના રિવાજોને અનુસરી જે વસ્તુઓની જરૂર લાગતી હોય તેને 'रिवाजी जरूरियातो' (Conventional Wants), અને જે ઉપરના ત્રણે વિભાગોમાં ન આવી શકે, પરંતુ શોખની ખાતર જે વસ્તુઓનો ઉપયોગ થતો હોય તેને 'शोखनी जरूरियातो' (Luxuries) કહેવાય. દા. ત. ખોરાક, કપડાં અને રહેવા માટે ઘર એ આવશ્યક કે પ્રાથમિક જરૂરિયાત કહેવાય; ગાદી-તકિયા એ આરામી જરૂરિયાત, કોલર-ટાઈ

એ રિવાજી જરૂરિયાત, અને ટોપી પરનાં પીછાં અથવા ફરવા માટેની મોટર એ શોખની જરૂરિયાત કહેવાય.

જે જરૂરિયાતો એકબીજા ઉપર આધાર રાખતી હોય તેને 'सापेक्ष जरूरियातो' (Complimentary Wants) કહી શકાય. દા. ત. ટેબલ–ખુરસી, પ્યાલા–રકાબી.

જરૂરિયાતોનું પ્રમાણ દરેક સમાજમાં એકસરખું હોતું નથી અને તે સમયાનુસાર બદલાયા કરે છે. એ રીતે, અમુક વખતે કોઈ એક સમાજમાં જરૂરિયાતોનું જે ધોરણ સામાન્ય રીતે પ્રચલિત હોય તેને 'जीवननुं धोरण' (Standard of Living) કહે છે.

Wages મહેનતાણું

કામદારોને તેમની મહેનતના બદલામાં જે રકમ આપવામાં આવે છે તેને 'मजूरी' અથવા 'महेनताणुं' અગર 'पगार' કહે છે.

કામદારના નિર્વાહ માટે જેટલી રકમ જરૂરી હોય તેટલી રકમ તેને આપવામાં આવે તો તે 'निर्वाह-पूरतुं महेनताणुं' કે 'निर्वाहवेतन' (Living Wages) કહેવાય. આવી ઓછામાં ઓછી મહેનતાણાની રકમ ઠરાવી હોય તો તેને 'अल्पतम महेनताणुं' (Minimum Wages) કહેવાય. આવી હદ ઘણી વખત કાયદાથી નક્કી કરવામાં આવે છે અને તે નિર્વાહપૂરતું, ઓછામાં ઓછું, નક્કી કરવાના ઇરાદાથી ઠરાવવામાં આવે છે. પરંતુ તે હદ નિર્વાહપૂરતી રકમથી વધતી કે ઓછી હોઈ શકે છે. આવી જ રીતે વધુમાં વધુ મહેનતાણાની હદ ઠરાવી હોય તેને 'अधिकतम महेनताणुं' (Maximum Wages) કહેવાય. દા. ત. રાષ્ટ્રીય મહાસભાએ પહેલાં ઠરાવી હતી તેવી માસિક રૂ. ૫૦૦ની અધિકતમ મર્યાદા.

કેટલીક વખત અમુક ટોપલીઓ ભરવાના અમુક પૈસા એ પ્રમાણે મહેનતાણું આપવામાં આવે છે અને કેટલીક વખત ટોપલીઓની જે કિંમત ઊપજે તે પ્રમાણે ઓછુંવત્તું મહેનતાણું

આપવામાં આવે છે. પહેલા પ્રકારને 'काम प्रमाणे महेनताणुं' (Piece Wages), અને બીજા પ્રકારને 'क्रमिक महेनताणुं' (Sliding Scale of Wages) કહેવાય.

Wealth સંપત્તિ

જેને મેળવવા માટે કંઈ પ્રયાસ કરવો પડે, જેનો વિનિમય થઈ શકે, અને જે માણસને ઉપયોગી હોય તેવા પદાર્થોને અર્થશાસ્ત્રમાં 'संपत्ति' કહે છે. પ્રજા પાસે આવી જેટલી સંપત્તિ હોય તેને 'राष्ट्रीय संपत्ति' (National Wealth) કહે છે.

દર વરસે પ્રજાની એકંદર મહેનતથી આવી જે સંપત્તિ પેદા થાય તેને 'राष्ट्रीय आवक' (National Dividend) કહે છે. આ આવકમાંથી પ્રજાશરીરનો નિર્વાહ ચાલે છે. તે આવક જેટલી વધારે અને તેની વહેંચણી જેટલી સમાન તેટલી પ્રજાની સ્થિતિ સારી ગણાય.

રાષ્ટ્રીય આવકમાં કેટલીક આવક એવી હોય જે એક વ્યક્તિને માટે આવકરૂપે હોય ત્યારે બીજાને માટે તેટલું દેવું ગણાતું હોય, તો એવી સંપત્તિને 'ऋणात्मक संपत्ति' (Negative Wealth) કહેવાય. પેટન્ટ દવાઓના કે એવા બીજા આવકદાયી હકો એ આવી સંપત્તિમાં આવે. તે નાબૂદ થાય તેથી રાષ્ટ્રીય સંપત્તિમાં જરા પણ ફેર પડે નહીં. રાષ્ટ્રીય આવકની ગણતરીઓ કરવાની રીતો જુદી જુદી હોય છે. કેટલાક પ્રત્યક્ષ માલની કુલ પેદાશને જ આવક ગણે છે. ત્યારે કેટલાક દાક્તર, વકીલ, શિક્ષક અને કલાકારો, જેઓ આડકતરી રીતે સંપત્તિના ઉત્પાદનમાં મદદ કરે છે અને પ્રજાની સુખસગવડો વધારે છે, તેમની 'सेवाओ' કે 'कामगीरीओ' (Services)ને પણ રાષ્ટ્રીય આવકમાં ગણે છે.

સૂચી

હાઈસ્કૂલોમાં
ગુજરાતીમાં ગણિત અને વિજ્ઞાન શીખવવા માટે
ઉપયોગી પુસ્તકો

૧ ગણિતકી પરિભાષા — કિં. ૦-૪-૦
યોજક : શ્રી. હરિહર ભટ્ટ

૨ વિજ્ઞાનની પરિભાષા — કિં. ૦-૮-૦
(પદાર્થવિજ્ઞાન અને રસાયણ)